₹ ૧૫/-

સુંદર જીવનપ્રતિ - જીવનના પડકારો

વિભાગ - ૧

પ્રભુ અર્પણ

સપ્ટેમ્બર - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

શું સુખી થવું એ જીવનનું ધ્યેય છે ? આ વસ્તુ હકીકતોને ઊલટી કરીને મૂકવા બરાબર છે. માનવજીવનનું ધ્યેય પ્રભુની શોધ અને તેમની અભિવ્યક્તિ છે. સ્વાભાવિક રીતે, આ શોધ આપણને સુખ પ્રત્યે લઈ જાય છે. પરંતુ આ સુખ તો એક પરિણામરૂપ છે. પોતે જ ધ્યેયરૂપ નથી. અને જીવનના ધ્યેયના પરિણામસ્વરૂપ મળી આવતી વસ્તુને ધ્યેય માની લેવાની વૃત્તિ જ મનુષ્ય જાતિને પીડી રહેલી યાતનાઓના કારણ રૂપ છે.

શ્રી માતાજી

(Collected works of the Mother, Vol. 12, p. 312)

તમારાં કાર્યોમાં વ્યવસ્થિતતા અને સંવાદિતતા હોવાં જોઈએ. એમાં જો કિંચિત્ પણ વિસંવાદિતતા હશે, અવ્યવસ્થા કે ગોટાળો હશે તો તેથી મહાસરસ્વતી બિલકુલ પ્રસન્ન નહિ થાય. જે વસ્તુ દેખીતી રીતે સાવ નજીવી લાગતી હોય તેને પણ તમારે સંપૂર્ણ રીતે સંપૂર્ણ કરવી જોઈએ. તે કરવામાં તમારે સ્વચ્છતા, સુંદરતા, સુમેળ અને વ્યવસ્થિતતાનો સંપૂર્ણ ખ્યાલ રાખવો જોઈએ. દા.ત. તમે કોઈ ઓરડો વાળતા હો તો તેને તમારે હૉસ્પિટલના એક ફર્સ્ટક્લાસ ઑપરેશન રૂમના જેવો જ સ્વચ્છ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શ્રી માતાજી

પ્રભુ
અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

સપ્ટેમ્બર – ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૯

અનુક્રમ

વિભાગ – ૧
જીવનના પડકારો

અનિશ્ચિતતા	૦૭
અસ્વસ્થતા	૦૯
ધાસ્તી અને ડર	૧૨
સંબંધોમાં પ્રશ્નો	૧૬
દુઃખ	૨૧
'અહંકાર છે વિઘ્ન'	૨૬
'હું કશું જ જાણતો નથી'	૨૮
નિશ્ચિતતા પરત્વેનો માર્ગ	૩૨

*

વૃત્ત વિશેષ	૩૩

તંત્રી નોંધ : આપણાં જીવનો એ છે આશા અને બળની સતત ચાલતી રહેતી યાત્રાઓ, જેમાં આપણી સમગ્ર કથાને વધુ સુંદર બનાવતી અને ચરિતાર્થ કરતી અનુભૂતિ બનાવવા માટે આપણે સાચું અને સ્થાયી સુખ શોધતાં રહીએ છીએ. પરંતુ માર્ગ ઉપર આપણે ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. પ્રત્યેક પડકારનો સાચો ઉદ્દેશ જો આપણે સમજી લઈએ તો એ પ્રત્યેક પડકારમાં આપણને અમુક તકો પણ મળી આવી શકે. સપ્ટેમ્બર અને ઑક્ટોબર માસના અંકોમાંનાં લખાણો આપણાને એનાં સર્વે પરિમાણોમાં સુંદર, સંવાદી અને પરિપૂર્ણ એવું જીવન જીવવા પ્રતિ દોરી જશે. હેતુ છે : વ્યવસ્થિત, સરળ અને સાદાં જીવનો; મૂલ્યો અને યોગ્ય વલણની પ્રસ્તુતતાની કદર કરવી અને એમને ગહનતર ચરિતાર્થતા પ્રતિ દોરી જવાં. સપ્ટેમ્બર અંકમાં 'જીવનના પડકારો' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે (વિભાગ-૧) અને ઑક્ટોબરના અંકમાં 'સુંદર જીવન : મૂળભૂત જરૂરિયાતો' તથા 'સુંદર જીવન : સાધનો' વિશે જણાવવામાં આવશે. (વિભાગ-૨).

*

શ્રી અરવિન્દ જગતને તેના સુંદર ભાવિની સિદ્ધિનો પયગામ આપવા આવેલા છે.

તેઓ સુંદર ભાવિની માત્ર આશા પ્રકટાવવા જ નથી આવ્યા, જગત જે પ્રભાવંત મહિમા તરફ ગતિ કરી રહ્યું છે તેની ખાતરી આપવા તેઓ આવેલા છે. જગત એ કંઈ કમનસીબ અકસ્માત નથી, જગત એક સુંદરતા છે જે પોતાની જાતને અભિવ્યક્ત કરવા મથી રહેલી છે.

(CWM 13 : 15) શ્રી માતાજી

વિભાગ – ૧

જીવનના પડકારો

એમાં તો શક છે જ નહિ કે ત્યાગના અતિરેકોનો આશ્રય લઈ ભોગવિલાસના અતિરેકોની સામે લડવું, એ અતિરેકોમાંથી જન્મતા તપસની સામે લડવું અને એ રીતે આ ભોગવૃત્તિઓને નિર્મૂળ કરી નાખવી એ તો પ્રમાણમાં ઘણી સહેલી વસ્તુ છે. એના કરતાં એક મિતાચારવાળું, સમતોલ, સમતા અને સ્વસ્થતાવાળું જીવન ગાળવું એ ઘણું જ કઠણ કામ છે.

પોતાના શરીર પર અત્યાચાર કરવો અને તેને શૂન્ય જેવું કરી મૂકવું તેના કરતાં એક સ્વસ્થ અને સરળ રીતે શરીરનો સંવાદમય અને પ્રગતિમય એવો વિકાસ રચવો એ કામ ઘણું જ કઠણ છે.

પોતાનામાં ઘણી ત્યાગશક્તિ છે એવું બતાવી આપવા માટે બિચારા શરીરને તેને માટે અનિવાર્ય એવા પોષણથી તથા સ્વચ્છ ટેવોથી વંચિત રાખવું એ વસ્તુ પ્રમાણમાં ઘણી સહેલી છે. જ્યારે કોઈ પણ ઇચ્છા સેવ્યા વિના એક શાંત સંયમિત જીવન ગાળવું એ આના કરતાં ઘણું વિકટ કામ છે.

વળી શરીર માંદું પડે ત્યારે રોગ તરફ ઉપેક્ષા કરવી, તેની પરવા ન કરવી, અને રોગને તેનું વિનાશક કામ કરવા દેવું એ સહેલું છે; પરંતુ એમ ન કરતાં આંતર તેમ જ બાહ્ય એવી ઉભયવિધ સંવાદિતતા દ્વારા, વિશુદ્ધિ અને સમતુલા દ્વારા રોગને દૂર જ રાખવો, રોગ થાય તો તેમાંથી બહાર નીકળી જવું, તેને જીતી લેવો એ મહા વિકટ કામ છે.

અને આ બધા કરતાં પણ ચેતનાને હંમેશાં તેની શક્તિની ટોચ પર ટકાવી રાખવી અને શરીરને નીચલી વૃત્તિઓના પ્રભાવ હેઠળ કદી પણ કામ કરતું ન થવા દેવું એ તો અતિશય વિષમ કામ છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ : ૬૧-૬૨)

અનિશ્ચિતતા

મોટા ભાગના લોકો માટે એ (ધર્મનો સ્વીકાર) સલામતી માટે હોય છે, દાખલા તરીકે : સલામતીમાં જીવવું. એવી પરિસ્થિતિઓમાં હોવું જ્યાં વ્યક્તિ અસ્તિત્વમાં ટકી રહેવા બાબતે નિશ્ચિત હોય. એ છે અનેક મહાન ધ્યેયોમાંનું એક ધ્યેય. એમ કહી શકાય કે માનવ પ્રયત્નના અનેક મહાન હેતુઓમાંનો એક હેતુ. એવા લોકો પણ છે જેમને માટે આશ્વાસન મહત્ત્વની વસ્તુ હોય છે. બીજાઓ માટે મોજમઝા મહત્ત્વની વસ્તુ હોય છે. .... અસલામતીની, અનિશ્ચિતતાની લાગણી એ છે એક હથિયાર, એક સાધન, જેનો ઉપયોગ રાજકીય કે ધાર્મિક જૂથો વ્યક્તિઓને પ્રભાવિત કરવા કરતા હોય છે. આ વિચારો સાથે તેઓ રમત રમતાં હોય છે.

*

ભાવિનું દર્શન ! આ વસ્તુ પ્રાપ્ત કરવા માટે કેટકેટલા લોકો પ્રયત્ન કરી ચૂકયા છે, કેટકેટલાં દર્શનો ઊભાં થયાં છે, ભવિષ્યદર્શનની કેટલી કેટલી વિદ્યાઓ ઊભી થઈ છે, વિકસી છે અને વહેમ તથા ઊંટ વૈદકના નામે ઓળખાઈને પડી પણ ભાંગી છે ! ભવિષ્ય શા માટે આમ હંમેશાં અદૃષ્ટ જ રહેલું હશે ? એ વસ્તુ તો સિદ્ધ થઈ ચૂકી છે કે વિશ્વમાં એકેએક વસ્તુ પૂર્વથી જ અનિવાર્ય રીતે નિર્ણીત થઈ ચૂકેલી છે. તો પછી આ નિર્માણનું સંપૂર્ણ ખાતરીપૂર્વકનું જ્ઞાન મેળવવામાં આપણને કેમ સફળતા નથી મળતી ? (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ : પૃ. ૯૭)

*

કાલે શું થવાનું છે તેની તમને ખબર છે ?... તમે કાંઈક અંશે અંદાજ બાંધી શકો, તમારી જાતને એમ કહી શકો કે આવતી કાલ આજ જેવી જ હશે, પણ એમાં ખરેખર તમે કંઈ જાણતા હોતા નથી. આવતી કાલે શું થવાનું છે તેની તમને ખબર નથી હોતી, એથી પણ ઓછી ખબર એક માસ પછી શું થશે તે બાબતમાં હોય છે, અને એક વર્ષ પછીની બાબતમાં તો એથી પણ ઓછી જાણ હોય છે. અને તમને ખબર છે કે તમારા જન્મ પહેલાં તમે ક્યાં હતાં ? અને તમને ખબર છે કે તમારા મરણ પછી તમારું શું થવાનું છે ?... તમે જે વસ્તુ કરી રહ્યા હો છો તેમાં તમે રસ લેતા હો છો. એનું કારણ એ છે કે ભાવિમાં શું બનવાનું છે તેનું તમને જ્ઞાન હોતું નથી. જે વસ્તુ બનવાની છે તેની તમને પૂરેપૂરી ખબર હોય તો મને ખાતરી છે કે હજારમાંથી નવસો નવ્વાણુ માણસો શાંતિથી એ વસ્તુ બને તેની રાહ જોઈએ બેસી જ રહેશે. જે વસ્તુ બનવાની છે તે તમે ચોક્કસપણે જાણશો તો તમારો બધો ઉત્સાહ વરાળ થઈ ઊડી જશે અને ઘણા ખરા પ્રસંગે તમે એમ કહેશો, 'એ સ્થિતિએ પહોંચવા માટે મારે આ બધું કરવાનું છે ? ના, ભાઈ ના.'

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૩૧૨)

*

માણસો જન્મે છે, જીવે છે, મરી જાય છે, ફરી જન્મે છે, જીવે છે, અને ફરી મરી જાય છે,

આમ અનિશ્ચિત કાલ સુધી ચાલ્યા જ કરે છે, તેઓ પોતાની સમક્ષ તે સમસ્યાને મૂકતા હોતા પણ નથી. પણ જો માણસમાં જીવનનો રસ હોય, જીવનના સ્વાદને તેણે પહેલાં ચાખ્યો હોય, માણસ શા માટે જન્મે છે, તેણે શું કરવાનું છે તે તે જાણતો હોય, અને સાક્ષાત્કાર કરવા માટે તેણે પ્રયત્ન કર્યો હોય, પણ જો તેણે થોડોક સામાન રસ્તામાં પાડી નાંખ્યો હશે, તો તેણે ફરી બીજી વાર શરૂઆત કરવી પડશે, તેના કરતાં તો સામાન ન પાડી નાંખવો એ વધારે સારું છે. જ્યાં સુધી તે સભાનતાપૂર્વક કાર્ય કરી શકે ત્યાં સુધીમાં કાર્ય કરી લેવું એ વધારે સારું છે. તમે આજે જે કરી શકો તેને આવતી કાલ પર મુલતવી ન રાખો, એ કહેવતનો આ જ અર્થ છે. ''આજે'' એટલે આ જીવનમાં, કારણ કે અહીં આપણને તક મળી છે, કદાચ તેવી તક ફરી મળતાં પહેલાં હજારો વર્ષો સુધી રાહ જોવી પડે. ગમે તે ભોગે, પોતાનું કાર્ય આજ જન્મમાં જ કરી લેવું અને તે પણ જરાય સમય બગાડ્યા વગર, એ વધારે સારું છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૨૦૧)

*

માનસિક અસ્વસ્થતા તમને તંગ કરે એમ થવા દેશો નહિ. શ્રી માતાજીની શક્તિના કાર્યની રાહ જુઓ, એ શક્તિ હૃદયકમળ (કેન્દ્ર)ને ખુલ્લું કરી આપશે.

(CWSA 32 : 478)

... વ્યક્તિએ અભીપ્સા સેવવાની છે. અને એટલું જ કાર્ય પણ કરવાનું રહે છે, પોતાની જાતનું નૈવેદ્ય ધરી દેવાનું છે, શ્રી માતાજીના કાર્યમાં સંમતિ દર્શાવવાની છે, અન્ય સર્વનો પરિત્યાગ કરવાનો છે, વધુને વધુ સમર્પણ કરવાનું છે. બાકીનું સર્વ સમય આવ્યે કરી લેવામાં આવશે. અસ્વસ્થતા, કે નિરાશા કે અધીરાઈ બિનજરૂરી છે...

(CWSA 32 : 243)

અસ્વસ્થતા બિનજરૂરી છે. એ જ્યારે ઉત્પન્ન થાય ત્યારે વ્યક્તિએ શાન્ત તેમ જ ખુલ્લા બની રહીને શ્રી માતાજી પરત્વે ત્યાં સુધી વળેલા રહેવું જોઈએ જ્યાં સુધી અંતરમાંથી કંઈક વિકસી આવે. **(CWSA 30 : 76)**

અસ્વસ્થતા

માણસ ભવિષ્યમાં શું બીના બનશે તેની સતત ચિંતા કરતો હોય છે. તે ચિંતા જ તેના દુઃખનું એક માત્ર કારણ નહિ, તો પ્રધાન કારણ હોય છે. આ વિષયગત ચેતનાને લીધે, ચિંતા, કષ્ટમય કલ્પનાઓ, દુઃખ, ભાવિ સંકટોનો ભય વગેરેનો પ્રારંભ થતો હોય છે. તેનું પરિણામ એ આવે છે કે, ઘણાખરા માણસો, થોડાક સચેતન નહિ, પણ ખૂબ ખૂબ સભાન માણસો પણ સતત પીડામાં જીવતા હોય છે.

*

જો માણસમાં જરૂરી જ્ઞાન ન હોય, તો તે સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવી શકે ? કમનસીબી એ છે કે માણસ એમ માનતો હોય છે કે મારા જીવનની સમસ્યાઓ મારે જ ઉકેલવાની છે. પણ તેમ કરવાનું જ્ઞાન તેની પાસે હોતું નથી. તેનાં બધાં દુઃખોનું તે મૂળ કારણ છે. તે સતત એમ પૂછતો હોય છે કે મારે શું કરવું જોઈએ ? તે પછી તેના મનમાં બીજો વધારે તીવ્ર પ્રશ્ન ઊઠતો હોય છે કે ભવિષ્યમાં શું બનશે ? તે પ્રશ્નોનો જવાબ આપવાની શક્તિ તેનામાં હોતી નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : પૃ. ૨૭૯, ૨૮૦, ૮૧)

*

લગભગ બધા જ માણસો પરિણામ વિશે આતુર રહેતા હોય છે. અથવા તો પરિણામ મેળવવાની તેમને મહત્ત્વાકાંક્ષા હોય છે. પણ તમારે પરિણામ વિશે આતુર ન રહેવું જોઈએ. માત્ર વસ્તુ કરી દો, કેમકે તમને દેખાયું હોય છે કે આ એક વસ્તુ કરવાની જરૂર છે અને તમે તે કરી નાખો. તમારી જાતને કહો : 'આ હું કરું છું, કેમકે એ વસ્તુ કરવાની જરૂર છે. હવે ભવિષ્યમાં જે કાંઈ બને તેની મને પરવા નથી.'

અને દેખીતી રીતે જ આ એક આદર્શરૂપ અવસ્થા છે, તમે એ સ્થિતિમાં પહોંચો નહિ ત્યાં સુધી તમારું કાર્ય હંમેશાં મિશ્ર પ્રકારનું રહેશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૧૭)

*

જે કરવા જેવું નથી એમ જાણ્યા છતાં વારંવાર તેમ કર્યા કરવું એ સઘળી શાંતિ, સઘળી શક્ય સ્થિરતા, અને સઘળું હિત પ્રાપ્ત થઈ શકે તેના ભોગે થાય છે. જે જૂઠ બોલે છે તેને નિરંતર બેચેની રહેતી હોય છે કે તેનું જૂઠ ખુલ્લું પડે; ખોટું આચરણ કરે છે તેને સતત એ વાતની ચિંતા રહેતી હોય છે કે તેને એનો દંડ ભોગવવો પડે; જે છેતરવાનો પ્રયાસ કરે છે તેને તે છેતરી રહ્યો છે એમ કદાચ શોધી કઢાય તો ? તેને લઈને શાંતિ રાખી શકતો નથી.

ખરું જોતાં, માત્ર અહંકારને કારણેય સારું કરવું, ન્યાયી થવું, સીધા અને પ્રામાણિક થવું, એ શાંત અને સુખી થવાનું, પોતાની ચિંતાને નહિવત કરવાનું એક ઉત્તમ સાધન છે. અને વળી

જો કોઈ નિઃસ્વાર્થ થઈ શકે, અંગત હેતુઓ અને અહંકારથી મુક્ત થઈ શકે, તો સુખી થવાની ખરેખરી શક્યતા ગણાય. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૧૨)

*

... જે ચિંતા વિશે તમે મને વાત કરો છો તેની પાછળ હકીકત એ છે કે તમે તમારી જાતમાં વધુ પડતા કેદ થઈ ગયેલા છો. એના કરતાં, તમે જે કાંઈ કરી રહ્યા છો તેમાં (ચિત્રકામ કે સંગીત) તમે વધુ ધ્યાન આપો તો વધુ સારું. તમારું મગજ હજી બરાબર કેળવાયેલું નથી તેને ખીલવો, અને કોઈ અજ્ઞાની અને અસંસ્કારી મનુષ્ય બની રહેવું ન હોય તો જ્ઞાનનાં જે મૂળ તત્ત્વો તમારે જાણી લેવાં જોઈએ તેનો અભ્યાસ કરો.

જો તમે દરરોજ આઠ–નવ કલાક કામ કરશો તો તમને સારી રીતે ભૂખ લાગશે, તમે સારી રીતે ભોજન લેશો, તમને શાંતિભરી ઊંઘ આવશે અને તમારો મિજાજ ઠીક છે કે નહિ તે વિશે વિચારવાનો તમને વખત જ નહિ રહે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ : પૃ. ૧૫૬)

*

માણસ ચૈત્ય પુરુષના સ્પર્શમાં ખરેખર આવે છે, ત્યારે માતેસ સંકુચિતતામાંથી મુક્ત થ ાય છે. અને આ દર્દમાંથી પણ, આ દર્દ જે ખૂબ ખરાબ છે, ''મારે ઝડપ કરવી પડશે, મારે ઉતાવળ કરવી પડશે, બહુ સમય નથી.'' માણસ વસ્તુઓ બહુ ખોટી રીતે કરે છે અથવા તો પછીથી કાંઈ કરતો નથી. પણે જેવો ચૈત્ય પુરુષ સાથે સંપર્ક થાય છે કે તરત જ આ વસ્તુ ખરેખર અદૃશ્ય થઈ જાય છે. માણસ જરા વધારે વિશાળ, સ્થિર અને શાંત બનવાની શરૂઆત કરે છે અને શાશ્વતીમાં જીવવાની શરૂઆત કરે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૩૨૪)

*

અને જે લોકો એમ કહેતા હોય કે 'ભાઈ, જો વસ્તુઓ બરાબર કરવી હોય તો વખત જોઈએ', તેમને માટે આ સારામાં સારો ઉત્તર છે. એમની વાત સાચી નથી હોતી, કારણ કે તમે જે કંઈ કરતાં હો — અભ્યાસ, રમત, કામ — એક જ ઉકેલ છે; તમારી એકાગ્રતાની માત્રા વધારો. કુદરતી રીતે, શરૂઆતમાં એને લઈને તમારામાં ઉશ્કેરાટની લાગણી થાય છે, પણ તમને મહાવરો પડે એટલે એ ઉશ્કેરાટ શમી જાય છે અને એવો સમય આવે છે જ્યારે જે વસ્તુથી તમને થાક લાગતો હતો તેમ હવે થતું નથી. તમારું ધ્યાન વેરવિખેર, અન્ય વસ્તુઓ તમારું ભક્ષણ કરી જાય, તેવું બનતું નથી. અને આ રીતે તમારા વિકાસના એક સાધન તરીકે તમે કામનો ઉપયોગ કરી શકો છો; નહિ તો પછી તમને એક અસ્પષ્ટ ખ્યાલ રહે છે કે તમારે તમારું કામ 'અંગત રસ વિના' કરવાનું છે. પણ એમાં એક ભયસ્થાન રહેલું છે. કારણ કે, તમે લાગલા જ અંગત રસના અભાવ અને બેદરકારી વચ્ચેનો ભેદ જાળવી શકતા નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૧૫૯)

*

પણ તે ગમે તેમ હોય છતાં બહુ સલામતીપૂર્વક તમે એક વસ્તુ કરી શકો છો. ઊંઘતા પહેલાં

એકાગ્રતા કરો, શારીરિક અસ્તિત્વમાંના સઘળા તનાવને શિથિલ કરી દો, શરીર પથારીમાં એક મૃદુ ચીંથરા જેવું બનીને પડી રહે તે માટે પ્રયત્ન કરો, જેથી તે થડકાટ અનુભવે નહિ, હલનચલન કરે નહિ. પછી પ્રાણમય સ્વરૂપને તમારાથી બને તેટલું શાન્ત કરો. પછી મનને પણ શાન્ત અને નિષ્ક્રિય બનાવી દો. તમારે મસ્તિષ્ક ઉપર મહાન શાન્તિનું, મહાન મૌનનું બળ મૂકવું જોઈએ, કોઈ વિચારોને સક્રિય રીતે અનુસરવું ન જોઈએ, કોઈ પણ પ્રકારનો પ્રયત્ન ન કરવો જોઈએ, મનની સર્વ ગતિઓને પણ તમારે શિથિલ બનાવી દેવી જોઈએ, બને તેટલી મહાન શાન્તિમાં અને મૌનમાં એને મૂકી દેવું જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૭૧)

*

ઘણેભાગે જ્યારે વસ્તુઓ મુશ્કેલ બને છે ત્યારે માણસો ઉગ્ર બને છે, ગુસ્સે થઈ જાય છે, તેઓ ખૂબ ઉશ્કેરાઈ જાય છે અને મુશ્કેલીઓને દસગણી વધારે મુશ્કેલ બનાવે છે. તેથી હું તમને સાચી રીતે ચેતવણી આપું છું કે આવું કરવાનું નથી, તમારે આનાથી ઊલટું કરવાનું છે; અને જે હું તમારી પાસે વાંચવાની છું તે તમારે સ્પષ્ટ રીતે, જ્યારે તમને ચિંતા થાય અથવા તમારી અંદર અશાંતિ ઉત્પન્ન થાય, કે તુર્ત જ તે તમારે વારંવાર તમારી જાતને કહેવાનું છે. આજે હું જે તમને કહેવાની છું તે તમારે બરાબર યાદ રાખવાનું છે અને આખા વર્ષ દરમ્યાન યાદ રાખવાનું છે, તમારે સવારે અને સાંજે બન્ને વખત પુનરાવર્તન કરવાનું છે, જેથી તમને ફાયદો થાય. તો પછી તે આ રહ્યું :

''કોઈ પણ માનવીય સંકલ્પ આખર જતાં પ્રભુના સંકલ્પની સામે ટકી શકે નહિ. આપણે આપણી જાતને હેતુપૂર્વક અને અનન્યભાવે પ્રભુના પક્ષે મૂકી દઈએ. અને છેવટે વિજય નિશ્ચિત છે.''

*

આપણે પ્રત્યેક દિવસ સ્વસ્થતાપૂર્વક જીવીએ. એવી વસ્તુઓ વિશે અગાઉથી ચિંતા શા માટે કરવી, જે કદાચ કદાપિ બનવાની જ નથી ?

*

અસ્વસ્થતા એ ઈશ્વરકૃપામાં અવિશ્વાસ સમાન છે. સમર્પણ સંપૂર્ણ નથી, પૂરેપૂરું નથી એની અચૂક નિશાની. (CWM 14 : 222-23)

*

એ તમને ઈશ્વરકૃપામાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાનું શીખવે છે, કારણ કે એ શ્રદ્ધા અને વિશ્વાસ સંપૂર્ણ અને પૂરેપૂરાં થશે ત્યારે સર્વ શોક અને અસ્વસ્થતા તમારી પાસેથી ચાલ્યાં જશે. (CWM 17 : 377)

*

ધાસ્તી અને ડર

સાધારણ માણસની આંતરિક સ્થિતિ ભય અને બીક ભરેલી હોય છે. તમે માત્ર દસ મિનિટ પણ ઊંડા ઊતરીને તમારું સ્થૂલ મન તપાસી જોશો તો તમને જણાશે કે એ દસમાંથી નવ મિનિટ તે ભયથી વ્યાપ્ત હોય છે. નાની મોટી, નજીકની દૂરની, દશ્ય અદશ્ય એમ જુદી જુદી વસ્તુઓની બીક એને હોય છે. તમારી જાગ્રત અવસ્થામાં તમને તે જણાતી નથી. છતાં પણ આખો વખત તે હાજર જ હોય છે. સતત પ્રયત્ન અને આત્મનિયમનને પરિણામે જ ભયથી સંપૂર્ણ મુક્તિ મળી શકે છે. ...

*

ભયનાં કારણો ફરીફરીને તમારા પર ધસારો કરે છે. પણ તે ક્યાં સુધી ? જ્યાં સુધી તેમની સામે તમે મુક્ત, ઉદાસીન, અનાસક્ત અને શુદ્ધ થઈને ઊભા ન રહી શકો ત્યાં સુધી જ. કોઈને દરિયાની બીક હોય છે, કેટલાકને અગ્નિનો ભય હોય છે. જેમને આગની બીક હશે તેમને ઘણી વખત જણાશે કે જ્યાં સુધી તેમના સ્થૂલ દેહનો અણુ સરખો પણ આગના ભયથી કંપે નહિ એવી સ્થિતિ તેઓ મેળવતા નથી ત્યાં સુધી તેમને આગના અનુભવો થયા જ કરે છે. તમને જેની પુષ્કળ ઘૃણા હોય છે તે વસ્તુ તમારી ઘૃણા દૂર થાય ત્યાં સુધી તમારી સામે આવ્યા જ કરે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૬૧ ને ૬૨)

*

આપણે જાણીએ છીએ કે વ્યક્તિ જેની બીક રાખે તે વસ્તુને કાયમ ખેંચી લાવે છે. જો તમે અકસ્માતની બીક રાખશો, તો આ વસ્તુ લોહચુંબક માફક કામ કરે છે અને અકસ્માતોને તમારા તરફ ખેંચી લાવે છે. આ અર્થમાં, એમ કહી શકાય કે તે ચારિત્ર્યનું પરિણામ છે. અને માંદગી બાબતમાં પણ આ જ વસ્તુ બને છે. કેટલાક લોકો એવા હોય છે જે માંદા માણસો વચ્ચે અને જ્યાં ચેપી રોગો ચાલતા હોય તે જગાઓમાં ફરે છે અને તેમને કદી રોગ લાગતો નથી. બીજા એવા કેટલાક લોકો હોય છે — તેમને માંદા માણસ પાસે એક કલાક ગાળવો બસ છે, તેઓ માંદગીને ઝડપી લેશે. તે પણ તેઓ આંતરિક રીતે કેવા છે તેના ઉપર આધાર રાખે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨)

*

વ્યાધિમાં જોખમનો નવદશાંશ ભાગ ભયમાંથી આવે છે. ભયને લઈને રોગનાં દેખીતાં બધાં લક્ષણો માણસમાં દેખાય એ શક્ય છે. ભયથી વ્યાધિ પેદા પણ થાય છે, એટલે બધી તેની અસર હોય છે.

પરંતુ જો તમે બીશો તો તમારું માથું દુખવા આવશે, અને તાવ પણ આવે, એ બેચેનીની લાગણી પ્રકૃતિના કોઈ વિરોધને આભારી હોય છે. એ વિરોધને કેમ દૂર કરવો એ જો તમે જાણો

તો એ લાગણીથી તમે એકદમ મુક્ત થઈ જશો. પણ જો તમે બીશો તો એમાંથી વધારે ખરાબ પરિણામ પણ આવે. ગમે તે પ્રકારનો અનુભવ થાય, પરંતુ તમારે ભયને તો સ્થાન આપવું જ ન જોઈએ. તમારે અડગ વિશ્વાસ રાખવો જોઈએ અને જે કાંઈ બને છે તે બનવું જરૂરી છે માટે બને છે એમ સમજવું જોઈએ. એક વાર રસ્તો પસંદ કર્યો એટલે એ પસંદગીનાં બધાં પરિણામો તમારે હિંમતભેર સ્વીકારવાં જોઈએ. પરંતુ એક વાર તમે પસંદ કરો અને પછી પાછાં ડગલાં ભરો, વળી પાછા આગળ આવો અને વળી પાછા હઠો, એમ હંમેશાં ડગમગતા રહો, હંમેશાં શંકા કર્યા કરો; હંમેશાં ડરતા રહો તો તમારી અંદર તમે પોતે જ વિસંવાદ ઉત્પન્ન કરશો, અને પરિણામે તમારી પોતાની પ્રગતિમાં તો મંદતા આવશે એટલું જ નહિ, પરંતુ મનમાં તથા પ્રાણમાં પણ સર્વ પ્રકારના ક્ષોભ જન્મશે તથા શરીરમાં અસુખ અને વ્યાધિ પણ આવશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૯૯-૧૦૦)

*

અજ્ઞાનને કારણે માણસ કાયર હોય છે ?

શેને કારણે ?

અજ્ઞાનને કારણે.

તેનો અર્થ એવો થયો કે માણસ અજ્ઞાનને સર્વ ખરાબ વસ્તુઓનું કારણ માની શકે. પણ હું માનું છું કે માણસ બાયલો હોય છે, કારણ કે તે ખૂબ તામસિક હોય છે, તેને પ્રયાસ કરતાં ડર લાગે છે. બાયલો ન બનવા માટે, માણસે પ્રયાસ કરવો જોઈએ, પ્રયાસ વડે શરૂઆત કરવી જોઈએ; પછી તે ખૂબ રસપ્રદ બની જાય છે. પણ પોતાની જાતમાંથી બહાર ભાગી જવાની આ પ્રકારની ઇચ્છાને જીતવા માટે પ્રયત્ન કરવો એ શ્રેષ્ઠ વસ્તુ છે. વસ્તુનો સામનો કરવાને બદલે માણસ તેનાથી પાછળ હઠી જાય છે, ભાગી જાય છે, પોતાની પીઠ ફેરવી લે છે અને દોડી જાય છે. કારણ કે પ્રારંભિક પ્રયાસ કઠિન હોય છે. તમારો જડ, અજ્ઞાનમય સ્વભાવ તમને પ્રયાસ કરતા અટકાવે છે.

જ્યારે તમે રાજસિક સ્વભાવમાં પ્રવેશ કરો છો કે તરત જ તમને પ્રયાસ કરવો ગમે છે. કમથી કમ, રાજસિક લોકોનો એક લાભ હોય છે કે તેઓ હિંમતવાન હોય છે, જ્યારે તામસિક લોકો બાયલા, ડરપોક હોય છે. પ્રયાસ કરવાનો ભય માણસને બાયલો, ડરપોક બનાવે છે. કારણ કે એક વાર તમે પ્રારંભ કરો છો, નિર્ણય લઈને પ્રયાસની શરૂઆત કરો છો, એટલે પછી તમને તેમાં રસ પડવા લાગે છે. કોઈને પોતાના પાઠો શીખવાનું ગમતું હોતું નથી, શિક્ષક જે શિખવાડે તેના પર ધ્યાન આપવાનું ગમતું હોતું નથી, ઊંઘવાનું ગમે છે, બોધપાઠ ગ્રહણ કરવા માટે અને યાદ રાખવા માટે જરૂરી પ્રયાસ કરવાનું ગમતું નથી તેનું પણ તે જ કારણ હોય છે. તે અર્ધનિદ્રા હોય છે. શારીરિક રીતે પણ તે જ વસ્તુ છે, તે અસ્તિત્વની નિદ્રા છે, જડતા છે.

મેં એવા લોકોને જોયા છે, જેઓ શારીરિક રીતે ખૂબ હિંમતવાન હતા અને નૈતિક રીતે ખૂબ ખૂબ બાયલા — ડરપોક હતા, કારણ કે માણસો ભિન્ન ભિન્ન ભાગોના બનેલા હોય છે. તેમનું

શારીરિક અસ્તિત્વ સક્રિય અને હિંમતવાન હોય અને તેમનું નૈતિક અસ્તિત્વ બાયલું હોય. મેં તેમનાથી વિરુદ્ધ પ્રકારના લોકો પણ જોયા છે. મેં એવા લોકોને જોયા છે કે જેઓ આંતરિક રીતે બહુ હિંમતવાન હતા અને બાહ્ય રીતે તેઓ ખૂબ બાયલા — ડરપોક હતા. પણ આ લોકોને કમથી કમ એક લાભ હોય છે; તેમનામાં આંતર સંકલ્પબળ હોય છે, જ્યારે તેઓ ધ્રુજતા હોય છે ત્યારે પણ તેઓ પોતાની જાતને તે કામ કરવાની ફરજ પાડી શકતા હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૨૭-૨૮)

*

આ જગતમાં અનેક ન ગમે તેવી અને બદસૂરત ચીજો આવેલી છે. પરંતુ એનો અર્થ એવો થતો નથી કે માણસે તેમના પ્રત્યે સતત ઘૃણાની લાગણી અનુભવવી જોઈએ. માનવમનને ક્ષોભ આપતી કે નિર્બળ કરતી ભય, ઘૃણા કે સંકોચની લાગણીઓને જીતી શકાય છે. યોગીએ તો એવી લાગણીઓનાં પ્રતિકાર્યોથી પર થવું ખાસ જરૂરનું છે. સર્વે પ્રાણીઓ, સર્વે પદાર્થો તથા સર્વે ઘટનાઓ વચ્ચે તેણે સંપૂર્ણ સમતા સાચવવી એ તો યોગસાધનાનું લગભગ પહેલું જ પગથિયું છે. હંમેશાં તમારે સ્થિર, નિર્લિપ્ત, અનાસક્ત અને અવિચલિત રહેવું જોઈએ. યોગીની ખરી શક્તિ જ એમાં રહેલી છે. જો તમે સંપૂર્ણ શાંતિ અને અક્ષોભની સ્થિતિમાં રહી શકો તો તમારી સામે આવેલાં ભયાનક ઝનૂની પ્રાણીઓને પણ તમે જીતી શકો છો.

ઘૃણા એ અજ્ઞાનની ક્રિયા છે. આત્મરક્ષણની સાહજિક વૃત્તિનું એ પરિણામ છે. પરંતુ કોઈ પણ ભયની સામેનો ઉત્તમ ઉપાય આવી અકારણ ઘૃણામાં નહિ પણ સાચા જ્ઞાનમાં રહ્યો છે. ભયનું સ્વરૂપ જાણી લઈને તેને દૂર કરવાના યા તો નાબૂદ કરવાના ઇલાજો બુદ્ધિપૂર્વક લેવાવા જોઈએ. આ બધી ભય, ઘૃણા વગેરે પ્રક્રિયાઓને જન્મ આપતું અજ્ઞાન આખી માનવજાતિમાં રહેલું છે. પણ એના ઉપર વિજય મેળવી શકાય છે. આપણી બાહ્ય પ્રકૃતિને જન્મ આપનાર અને આપણી ચારેબાજુ સર્વત્ર પથરાયેલી સ્થૂળ જડ માનવ પ્રકૃતિમાં જ કંઈ આપણે હંમેશ માટે પુરાઈ રહેવાનું નથી.

ચેતનાનો વિકાસ થતાં અજ્ઞાન દૂર થઈ જાય છે. તમારે ચેતનાની જરૂર છે, હંમેશાં વધારે ને વધારે સચેતનતાની જરૂર છે. શુદ્ધ સરળ અને જ્યોતિર્મય ચેતનાની જરૂર છે. એવી પૂર્ણ ચેતનાની જ્ઞાનજ્યોતિમાં પદાર્થો પોતાના મૂળ સ્વરૂપે દેખાય છે, નહિ કે જેવા તેઓ દેખાવા માગે છે તેવા. એવી ચેતના એક ચિત્રપટ પેઠે પોતાની પાસેથી પસાર થતાં સર્વ પદાર્થોનું આબેહૂબ પ્રતિબિંબ ઝીલે છે. એવી ચેતનાના પટ ઉપર વસ્તુ જ્યોતિર્મય કે તમોગ્રસ્ત, સીધી કે વક્ર જેવી હોય તેવી દેખાય છે. જ્યારે તમે ધ્યાનની એકાગ્ર સ્થિતિમાં નિષ્ક્રિય સાક્ષી થઈ રહો છો ત્યારે તમારી ચેતના પડદાના જેવી કે દર્પણના જેવી હોય છે. જ્યારે તમે ક્રિયા કરવામાં પ્રવૃત્ત થાઓ છો ત્યારે એ જ ચેતના સર્ચલાઈટ રૂપ બની જાય છે. કોઈ પણ સ્થળે, કોઈ પણ પદાર્થમાં ઊંડા ઊતરીને તેને જ્ઞાનપૂર્વક ઝીણવટથી આરપાર જોવો હોય, તે તમારે ચેતનાની એ જ્યોતિને ફક્ત તેના તરફ વાળવાની જ રહે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૧૦-૧૧)

*

તમારી મર્યાદામાં જે સર્વોચ્ચ ચેતના હોય તેની સાથેના સંપર્કમાં તમારી ચેતનાને મૂકી શકો તો તમે નિરપેક્ષ ભાવે ચોક્કસ કહી શકો કે તે સંજોગોમાં જે કાંઈ તમારે માટે બને તે ઉત્તમ હોય. પરંતુ જેવા તમે તે ચેતનામાંથી નિમ્નતર ભૂમિકામાં ઊતરી ગયા, તો પછી દેખીતી રીતે ઉત્તમ થઈ શકે નહીં. અને એનું કારણ સ્પષ્ટ છે કે તમે તમારી સર્વોચ્ચ ચેતનામાં નથી હોતા. હું તો એટલી હદે જઈને ભારપૂર્વક જણાવી શકું કે દરેકની તાત્કાલિક અસરના વર્તુળમાં રહ્યે એક સાચું મનોવલણ પ્રત્યેક સંજોગને પોતાના લાભમાં ફેરવવાને શક્તિશાળી છે, એટલું જ નહીં, પણ સંજોગને પોતાને બદલવાની તાકાત ધરાવે છે. દાખલા તરીકે, ધારો કે એક માણસ તમારી હત્યા કરવા આવે છે, તો તે સમયે જો તમે તમારી સામાન્ય ચેતનામાં રહો, તમારી સાન ગુમાવીને બેબાકળા બની જાઓ, તો જે કામ માટે તે આવ્યો છે તે કામમાં તેને સફળતા મળવાનો સંભવ છે. હવે તમે જો તમારી ચેતનામાં સહેજ ઊંચે જઈ શકો અને ભયભીત સ્થિતિમાં પણ તમે ભગવાનની મદદને પોકાર કરી શકો, તો તમને તે કંઈ વધુ ન કરી શકે, સહેજસાજ ઘા પહોંચાડી શકે. હવે ધારો કે તમે તમારી સાચી ચેતનામાં – મનોવલણમાં – હો, તમારી આસપાસ ભગવાનની હાજરાહજુરીવાળી ભરી ભરી ચેતનામાં હો, તો તમારી સામે તે એક આંગળી પણ નહિ ઉપાડી શકે.

રૂપાંતરની ક્રિયાના આખાય પ્રશ્નના સત્યની આ એકમાત્ર ચાવી છે. હંમેશાં ભગવાનની હાજરીનો સ્પર્શ અનુભવો, તેને નીચે આણવા ઉદ્યત થાઓ અને પછી જે કાંઈ થશે તે સર્વોત્તમ જ થશે. અલબત્ત, જગત કાંઈ એકદમ બદલાઈ નહિ જાય, પણ શક્ય તેટલી ત્વરિત ગતિએ તે આગળ ધપશે.

*

તમારામાંની દરેક વ્યક્તિ જો સંપૂર્ણ શક્તિથી વર્તશે, તો તેને લઈને એક સાચો સહયોગ થશે અને પછી જે પરિણામ આવશે તે વધુ ઝડપથી આવશે. આવા સાચા મનોવલણનાં મારી પાસે ઘણાં દૃષ્ટાન્તો છે. એક જ વ્યક્તિના સાચા મનોવલણનાં મારી પાસે ઘણાં દૃષ્ટાન્તો છે. એક જ વ્યક્તિના સાચા મનોવલણને લઈને મોટાં ટોળાં કટોકટીમાંથી ઊગરી ગયેલાં મેં જોયાં છે.

*

જ્યારે જ્યારે તમે તમારી કલ્પનાને અસ્વસ્થ રીતમાં પરોવતા હો છો, જ્યારે જ્યારે તમે તમારા ભયને રૂપ આપતા હો છો, અકસ્માતો અને દુર્ઘટનાઓની અટકળ કરતા હો છો, ત્યારે ત્યારે તમે તમારા ભાવિના મૂળમાં ક્ષતિ પહોંચાડો છો.

*

એટલે જ હું તમને કહું છું કે કદાપિ વિષણ્ણ અને નિરાશ થાઓ નહિ; તમારી કલ્પના હંમેશાં ઉપરના ઉચ્ચતર સત્યના દબાણ તળે આશાભરી રીતે આનંદપૂર્વક મુલાયમ બની રહો, જેથી કરીને તેના સર્જનાત્મક પ્રકાશને ધારણ કરી શકે એવી જરૂરી રચનાઓ તમારી આગળ ધરી શકે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૬૮થી ૧૭૧)

*

પ્રાણમય દિશા અને કાળમાં થતી વિલક્ષણ પ્રવૃત્તિઓમાંની એક એ છે કે આ બધાં સત્ત્વો પોતાની ઇચ્છાશક્તિ મુજબ મોટી આકૃતિઓ ધારણ કરી શકે છે, તમારામાં ભયનાં આંદોલનો પ્રગટાવી શકે છે, અને આમ તમારા પર આક્રમણ કરીને વશ કરવાનાં તેમનાં ઘણાં શક્તિશાળી સાધનો હોય છે. વિકરાળ ભ્રાંતિ ખડી કરવાની તેમની શક્તિને તમારે મનમાં રાખવી જોઈએ અને બધા ભય ટાળવા જોઈએ. એક વાર તમે હિંમતપૂર્વક ડગ્યા વગર તેમનો સામનો કરો, તેમની આંખોમાં સીધી નજર પરોવો, તો તેમની ત્રણ ચતુર્થાંશ શક્તિ ચાલી જશે. અને જો તમે અમને મદદ માટે બોલાવો તો બાકીનો એક ચતુર્થાંશ ચાલ્યો જશે. પછી એ તત્ત્વો કાં તો ભાગી જશે, કાં તો વિલીન થઈ જશે.

એટલે હવે સારાંશમાં બે વાતો યાદ રાખો : કદાપિ, કદાપિ બીતાં નહીં અને બધા સંજોગોમાં તમારા બળને સોગણું કરવા માટે સાચી મદદની માગણી કરો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૭૯થી ૮૦)

*

સંબંધોમાં ઊભા થતા મુદ્દાઓ

પ્રશ્ન : મધુર માતાજી, બે માનવસ્વરૂપો વચ્ચેનો શ્રેષ્ઠ સંબંધ કયો ? મા અને પુત્ર ? ભાઈ, મિત્ર, કે પ્રેમી ?

ઉત્તર : સર્વ સંબંધો સૈદ્ધાંતિક રીતે સારા જ હોય છે અને પ્રત્યેક સંબંધ શાશ્વતનો જ એક પ્રકાર હોય છે. પરંતુ પ્રત્યેક સંબંધ માનવ પ્રકૃતિના સ્વાર્થી જૂઠાણાને લઈને વિકૃત થઈ શકે છે, ખરાબ થઈ શકે છે. માનવ પ્રકૃતિનું સ્વાર્થી જૂઠ પ્રેમનાં આંદોલનો એની શુદ્ધતામાં આવિર્ભાવ પામે એમ થવા દેતું નથી. (CWM 16 : 278)

*

દાખલા તરીકે, તમે કોઈ વ્યક્તિને મળો છો. એ વ્યક્તિ તમને કોઈક વાત કહે છે, અને તમે એને એનાથી વિરુદ્ધની વાત કહો છો (ઘણુંખરું આવું બનતું જ રહે છે, કારણ કે આપણમાં એક જાતનો વિરોધ કરતા રહેવાનો ભાવ રહેલો જ હોય છે) અને એમાંથી પછી તમે દલીલબાજી ઉપર ઊતરી પડો છો. આનું સ્વાભાવિક પરિણામ તો એ આવે કે તમારા મતભેદનો તો કોઈ ઉકેલ ન આવે, પણ જો તમારો મિજાજ ખરાબ હોય તો, તમે લડી પડો તો ખરા જ. પરંતુ એમ કરવાને બદલે, એટલે કે, કેવળ તમારા પોતાના વિચારો અને શબ્દોને વળગી રહેવાને બદલે, જો તમે તમારી જાતને એમ કહો કે : 'જોઉં, એણે મને એ રીતની વાત કરી એનું કારણ શું છે તે શોધી કાઢવાનો પ્રયત્ન કરું. હા, એણે મને એમ કેમ કહ્યું હશે ?' અને પછી તમે એકાગ્રતા કરો 'તો એમ કેમ, કેમ, કેમ ?' તમે ત્યાં જ હો છો અને પ્રયત્ન કરતા રહો છો. પેલી બીજી વ્યક્તિ તો બોલ્યે જ જતી હોય છે. એને એ વાતની ખુશી ઊપજી હોય છે કે હવે તમે એનો પ્રતિવાદ કરવાનું બંધ કર્યું હોય છે ! એ ફડાફડ બોલ્યે જ જાય છે અને એને ખાતરી થઈ ગઈ હોય છે કે એણે તમને એના કથનની યોગ્યતાની પ્રતીતિ કરાવી દીધી છે. પછી તમે એ વ્યક્તિ જે કાંઈ

બોલી રહી હોય છે તેના ઉપર વધુને વધુ પ્રમાણમાં એકાગ્રતા કરો છો અને એવી ભાવના સેવો છો કે ધીરે ધીરે કરીને, એના જ શબ્દો દ્વારા, તમે એના મસ્તકમાં પ્રવેશ કરો છો. આમ તમે જ્યારે એના મસ્તકમાં પ્રવેશ કરો છો ત્યારે એકદમ અચાનક તમે એની વિચારસરણીમાં પેસી શકો છો અને ત્યારે તમે કલ્પના કરી શકો છો, સમજી શકો છો કે એ વ્યક્તિ તમારી સાથે એવી રીતે કેમ વાત કરતી હતી ! અને ત્યાર પછી, જો તમારી બુદ્ધિ જરાક તીવ્ર હોય તો તમે જે વસ્તુની સમજ હમણાં પ્રાપ્ત કરી હોય તે વસ્તુ અને એ અગાઉ તમે વસ્તુઓને જે રીતની સમજતા હતા તે બંનેને એકસાથે ગોઠવી શકો છો અને એ બંનેનો મેળ સાધીને એમાંથી જે સત્ય વસ્તુ હોય છે તે શોધી કાઢો છો. અને આ રીતે તમે આગળ વધી શકો છો. વળી પોતાના મનને વિશાળ કરવા માટે પણ આ એક ઉત્તમ રસ્તો તમારે હાથ લાગે છે.

તમે જો કોઈ ચર્ચામાં પડી જાઓ તો તરત જ, તત્કાલ નીરવતા પ્રાપ્ત કરી લો. તમારે એકદમ નીરવ બની જઈને કાંઈ પણ બોલ્યા વિના, પેલી બીજી વ્યક્તિ એ વસ્તુને કઈ દૃષ્ટિએ જુએ છે તે રીતે જોવા પ્રયત્ન કરવો – એથી કાંઈ તમે તમારું દૃષ્ટિબિંદુ ભૂલી જતા નથી ! પણ એથી તમે એ બંને વસ્તુઓનો એકસાથે મેળ પાડી શકો છો. અને આ રીતે તમે આગળ વધો છો, એક સાચી રીતની પ્રગતિ કરો છો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૩૩૨થી ૩૩)

શ્રી માતાજી

*

.... જરૂર વગર ટીકા કરવી, ભૂલ શોધવી, બીજાઓને ઠપકો આપવો (મોટેભાગે એકદમ ખોટી રીતે) તે ટેવ પોતાને માટે તેમ જ બીજાઓ માટે ખરાબ વાતાવરણ ઊભું કરે છે. અને આ સખતાઈ તથા સ્વમતાભિમાની ચુકાદો આપવાની ટેવ શા માટે ? પ્રત્યેક વ્યક્તિને એના પોતાના દોષો હોતા નથી શું ? – તો પછી વ્યક્તિ બીજાના દોષો જોવા અને એ વિશે નિર્ણય બાંધી લેવા એટલી ઉતાવળી શા માટે હોય છે ? અમુક સમયે આપણે નિર્ણય લેવો પડતો હોય છે; પરંતુ એ કાર્ય ઉતાવળથી કે કાજીવેડા કરવાના ભાવથી ન થવું જોઈએ.

*

માનવો અન્યના કાર્યની સખત ટીકા કરવા હંમેશાં વધુ સમર્થ હોય છે. વસ્તુઓ કઈ રીતે કરવી અને શું ન કરવું તે બીજાઓને તેઓ વધુ ક્ષમતાપૂર્વક જણાવી શકે છે. અને પોતે એ જ પ્રકારની ભૂલો રોકવામાં નિપુણતા ધરાવતા હોતા નથી. અલબત્ત, મોટેભાગે પોતાની અંદર રહેલા દોષોનું જ દર્શન માનવોને અન્ય લોકોમાં થતું હોય છે. પોતાની અંદર રહેલા દોષોને માનવો જોઈ શકતા હોતા નથી. માનવ મન પોતાને વિશે સભાન હોઈ શકતું નથી – માટે જ યોગમાં સાધકે પોતાની અંદર શું રહેલું છે તે જ હંમેશાં જોવાનું હોય છે અને વધુને વધુ સભાનતા કેળવવાની હોય છે.

*

એક અવસ્થા એવી હોય છે કે એમાં તમે કોઈ સાદી વાતચીત કરી હોય અને એ તમને સામાન્ય જીવનની ભૂમિકા પર રહેવાની ફરજ પાડતી હોય તો એ વાતચીત તમને માથાનો દુઃખાવો લાવી દે છે. તમારા જઠરમાં ઉથલપાથલ કરી મૂકે છે અને એ જો ચાલુ રહે તો તાવ લાવી શકે છે. બેશક, આ હું જેને 'ગપ્પાં' કહેવાય એવી રીતની વાતચીત વિશે કહું છું. હું માનું છું કે દરેક માણસ, થોડાક અપવાદો સિવાય, આ રીતની કસરત રસપૂર્વક કરતો રહે છે અને જે વસ્તુઓ વિશે તેણે મૂંગા રહેવાની જરૂર હોય છે તેની તે વાતો કરતો રહે છે. આ તમે એટલું તો સ્વાભાવિક રીતે કરતા હો છો કે તમે તેથી કશી તરલીફ અનુભવતા નથી; પરંતુ તમે જો આવી જ સ્થિતિમાં રહેવાનું ચાલુ રાખશો તો તમારી ચેતનાને તમે ઉપર ચડતાં પૂરેપૂરી અટકાવી દેશો, તમે તમારી જાતને સામાન્ય ચેતના સાથે લોખંડી સાંકળો વડે બાંધી રાખશો અને અવચેતનામાં જે કામ કરવાનું હોય છે તે થવા પામશે નહિ અથવા તો તેની શરૂઆત પણ નહિ થાય. જે લોકોને ઉપર ચડવું હોય છે તેમને તો, બહારની દિશામાંથી આવતાં પ્રોત્સાહનો માટે તે નજર ન દોડાવે તો પણ, પૂરતી મુશ્કેલીઓ આવી રહેલી હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૧૭૪)

*

તમને જે તમારા નિમ્નતર સ્તરે ઊતરી આવવા માટે પ્રોત્સાહિત કરે; અને સાથે સાથે મૂર્ખામીભરેલી વસ્તુઓ કરવા માટે પ્રોત્સાહન આપે, એની સાથે તમને ખોટે રસ્તે ચઢાવી દે અને તમે જે જે ખરાબ વસ્તુઓ કરો એને માટે તમારી પ્રશંસા કરે એ તમારો મિત્ર ન કહેવાય એ એકદમ સ્પષ્ટ છે....

અલબત્ત, તમારે એવા લોકોને તમારા મિત્ર તરીકે પસંદ કરવા જોઈએ જે તમારા કરતાં વધુ સમજુ હોય, જેમની સોબત તમને ઉદાત્ત બનાવે, જે તમને સંયમ કેળવવામાં, પ્રગતિ કરવામાં, વધુ સારુ વર્તન કરવામાં અને સ્પષ્ટ રીતે જોવામાં મદદરૂપ હોય. **શ્રી માતાજી**

(CWM 9 : 56-57)

*

એ સાચું છે કે અન્ય લોકો સાથે ખૂબ ગાઢ રીતે ભળી જવું એ આંતર અવસ્થાને નિમ્ન સ્તરે લઈ જઈ શકે છે. ખાસ કરીને એ લોકો યોગ્ય વલણ ધરાવતા ન હોય અને એકદમ પ્રાણમય લાગણીઓમાં રાચતા હોય. સર્વ સંપર્કોમાં તમારે જે કરવાનું રહે છે, એ છે અંતરાભિમુખ રહેવું. અનાસક્ત વલણ કેળવો અને કાર્યમાં તથા લોકોની ક્રિયામાં ઉદ્‌ભવતી મુશ્કેલીઓથી તમારે તમારી જાતને પીડિત થવા દેવાની નથી. તમારે તો સાચી ક્રિયા જ કરતા રહેવાનું છે.

(CWM 31 : 325)

શોક કે આનંદથી ક્ષુબ્ધ ન થવું, લોકો શું કહે છે, શું કરે છે એનાથી કે કોઈ પણ બાહ્ય વસ્તુથી વિક્ષુબ્ધ ન થવું. **શ્રી અરવિન્દ**

(CWSA 31 : 335)

*

ધારો કે કોઈ વ્યક્તિ તમારું અપમાન કરે છે; હવે જો આ પ્રકારનાં અપમાનોની સામે તમે અવિચલ રહો (કેવળ બહારથી નહિ. સમગ્રપણે,) તમને એ વસ્તુ કોઈ પણ રીતે ચલિત ન કરી શકે, સ્પર્શી પણ ન શકે એ રીતના બની રહો : તો, તમે એક મૂર્તિમાન શક્તિ સ્વરૂપ બની રહો છો જેની સામે કોઈ કાંઈ પણ કરી શકતું નથી અને તમે ઉત્તર પણ આપતા નથી, કોઈ હાવભાવ કરતા નથી, એક શબ્દ માત્ર ઉચ્ચારતા નથી, ત્યારે તમારા તરફ પ્રહાર કરવા ફેંકેલી સર્વ અવમાનનાઓ તમને અંતરમાં કે બહાર જરા સરખો પણ સ્પર્શ કર્યા વિના તમારાથી દૂર ભાગે છે; તમે તમારા હૃદયના ધબકારાઓ તદ્દન શાંત રાખી શકો છો, તમે તમારા મસ્તકમાં વિચારો વડે જરા પણ ક્ષોભ ઉત્પન્ન કર્યા સિવાય, એ વિચારોને તમારા મસ્તકમાં તદ્દન સ્થિરભાવે રાખી શકો છો; એટલે કે, તમારું મસ્તક તરત જ એ જ પ્રકારનાં આંદોલનો વડે પ્રત્યુત્તર વાળવા મંડી પડતું નથી અને તમારી નસો એવી રીતે તંગ બની ઊઠતી નથી કે જેમને થોડાક વળતા પ્રહાર કર્યા વિના જંપ ન વળે. જો તમે તેવા બની શકો તો એનો અર્થ એ કે તમારામાં સ્થાયી શક્તિ છે અને એ શક્તિ તમારામાં અપમાનનો જવાબ અપમાનથી, પ્રહારનો જવાબ પ્રહારથી અને ઉત્તેજનાનો જવાબ ઉશ્કેરાટથી આપી શકે તેવી શક્તિ હોય, તેના કરતાં અનંતગણી વધુ બલવાન હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૪૦)

*

આપણે નવીન એવું શું શું હજી પ્રાપ્ત કરવાનું બાકી છે ?

પ્રથમ તો પ્રેમ, કારણ કે અત્યાર સુધી તો આપણે કેવળ દ્વેષ અને આત્મસંતોષ જ સાધ્યો છે;
જ્ઞાન, કારણ કે અત્યાર સુધીમાં આપણે કેવળ સ્ખલન, ઇન્દ્રિયજ્ઞાન અને વિચારશક્તિ પ્રાપ્ત કરી છે;
આનંદ, કારણ કે આપણે તો કેવળ સુખ, દુઃખ તથા ઉદાસીનતા જ પ્રાપ્ત કરી શક્યાં છીએ;
શક્તિ, કારણ કે અત્યાર સુધી તો નિર્બળતા, પ્રયત્ન અને પરાજિત વિજય જ આપણે મેળવી શક્યાં છીએ;
જીવન, અત્યાર સુધી આપણે કેવળ જન્મ, વૃદ્ધિ તથા મરણ જ મેળવ્યાં છે;
અદ્વૈત, કારણ કે અત્યાર સુધી આપણે સંગ્રામ અને મંડળો જ કરી જાણ્યાં છે.
એક શબ્દમાં, આપણે હજી ભગવાન પ્રાપ્ત કરવાનો છે; આપણા સ્વરૂપની તેના દિવ્ય સ્વરૂપની પ્રતિકૃતિ રૂપે પુનર્ઘટના કરવાની છે.

શ્રી અરવિન્દ

(વિચારરત્નો અને જ્યોતિઝાંખી : ૩)

A burning Love from white spiritual founts
Annulled the sorrow of the ignorant depths;
Suffering was lost in her immortal smile.

શુભ્ર આધ્યાત્મિક સ્રોતમાંથી દેદીપ્યમાન પ્રેમ વહી રહ્યો છે. એ પ્રેમ અજ્ઞાન ગહ્વરોના શોકને અદશ્ય કરી દે છે. ‘મા’ ના એ અમર સ્મિતમાં દુઃખ લય પામી ગયું છે.

CWSA 33 : 314 **શ્રી અરવિન્દ**

દુઃખ

પાપ કે શત્રુતાની સજા રૂપે દુઃખ આપવામાં આવતું હોતું નથી. એ વિચાર જ ખોટો છે. અજ્ઞાનમાંના જીવનના અનિવાર્ય અંગ રૂપે સુખ અને સદ્‌ભાગ્ય જે રીતે પ્રાપ્ત થતું હોય છે, એ જ રીતે દુઃખ પણ આવતું હોય છે. સુખ અને દુઃખ, હર્ષ અને શોક, સદ્‌નસીબ અને દુર્ભાગ્ય આ દ્વંદ્વો એ છે અજ્ઞાનનાં અનિવાર્ય પરિણામો. જે અજ્ઞાન આપણને સત્ય ચેતના અને ઈશ્વરથી અલગ કરી દેતું હોય છે. ઈશ્વર અને સત્ય ચેતના સાથે ફરી પાછા જોડાઈ જવાથી જ આપણે દુઃખથી મુક્ત થઈ શકીએ. ભૂતકાળનાં જીવનોનાં કર્મ હોય છે. મોટા ભાગનું જે કંઈ ઘટતું હોય છે, તે એને લઈને જ થતું હોય છે. પરંતુ સર્વ એને લીધે જ થતું હોય છે એવું નથી. કારણ, આપણી પોતાની ચેતના તથા આપણા પોતાના પ્રયત્નો દ્વારા આપણાં કર્મોને આપણે સુધારી શકીએ છીએ. દુઃખ એ ભૂતકાળની ભૂલોનું સ્વાભાવિક પરિણામ હોય છે, સજા નહિ. જેવી રીતે અગ્નિ સાથે રમત કરતાં દાઝી જવાય એ જેટલું સહજ છે એના જેવું જ દુઃખનું છે. દુઃખ એ એવા અનુભવના ભાગરૂપ છે જેના વડે આત્મા એનાં કરણો દ્વારા શીખે છે અને વિકાસ પામે છે અને ઈશ્વરાભિમુખ બને છે. (CWM 31 : 670)

*

... મૂળભૂત રીતે સર્વ વેદના અને દુઃખ સપાટી પરના સ્વરૂપમાં રહેલી અપૂરતી ચિત્-શક્તિનું પરિણામ હોય છે. અપૂરતી ચિત્-શક્તિને લીધે સપાટી પરનું સ્વરૂપ સ્વ તેમ જ પ્રકૃતિ સાથે યોગ્ય રીતે કામ પાર પાડી શકવાને અસમર્થ બને છે તથા વૈશ્વિક ઊર્જાના સ્પર્શોને તે નથી આત્મસાત્ કરી શકતું કે નથી પોતે એ સંપર્કો સાથે સંવાદિતા કેળવી શકતું. આપણી અંદર જો પ્રકાશમાન ચેતના અને પૂર્ણ સ્વરૂપની દિવ્ય શક્તિની સતત સંનિધિ રહેતી હોય તો દુઃખ અને વેદના ટકી શકે નહિ.

(CWM 9 : 56-57)

શ્રી માતાજી

*

ભેદના જ્ઞાન સાથે દુઃખ, પીડા, અજ્ઞાન, અને અશક્તિઓ આવે છે. પરિપૂર્ણ આત્મસમર્પણમાં, આત્મવિસ્મૃતિમાં દુઃખ અદૃશ્ય થઈ જાય છે અને તેની જગ્યાએ એવો આનંદ આવે છે કે જેને કોઈ વસ્તુ આવૃત ન કરી શકે.

જ્યારે આ આનંદ આ જગતમાં સ્થાપિત થાય, ત્યારે જ તેનું સાચી રીતે રૂપાંતર થઈ શકે, નવીન જીવન, નવીન સૃષ્ટિ, અને નવીન સાક્ષાત્કાર આવી શકે. આનંદ પ્રથમ ચેતનામાં સ્થાપિત થવો જોઈએ, પછી ભૌતિક સુખ આવશે, ત્યાર પહેલાં નહિ.

સાચી રીતે કહું તો, દુઃખ પોતાના શત્રુ સાથે જ જગતમાં આવ્યું છે, આનંદ જ માત્ર તે

શત્રુને હરાવી શકે, નિશ્ચયાત્મક રીતે, છેલ્લી, આખરી રીતે. બીજું કશું જ તેને હરાવી શકે નહિ.

(લાંબા સમય સુધી મૌન)

આનંદે જ સર્જન કર્યું છે અને આનંદ જ તેને સિદ્ધ કરશે.

(મૌન)

ધ્યાનમાં રાખો કે માણસો જેને આનંદ કહે છે તેની હું વાત નથી કરતી. માણસો જેને આનંદ કહે છે તે તો એક કટાક્ષકૃતિ છે, આસુરી શોધખોળ છે, જેથી માણસ સાચા માર્ગને ગુમાવી દે; તે આનંદ તો વિષયસુખમાંથી, વિસ્મૃતિમાંથી, બેદરકારીમાંથી આવતો હોય છે.

હું જે આનંદની વાત કરું છું તે પરિપૂર્ણ શાન્તિ છે, અંધકાર વગરનો પ્રકાશ છે, સંવાદિતા છે, સમગ્ર સૌન્દર્ય છે, એક અપ્રતિઘર્ષ્ય શક્તિ છે. તે આનંદ તો ખુદ ભગવાનની હાજરી છે, પોતાના સારતત્ત્વમાં, સંકલ્પમાં, અને સાક્ષાત્કારમાં. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૪૦૧-૦૨)

*

તમારી અંદરની જે વસ્તુ દુઃખથી આનંદ અનુભવે છે અને દુઃખ ઇચ્છે છે એ છે માનવ પ્રાણ-શક્તિનો અંશ. આ વસ્તુઓને અમે નિષ્ઠાનો અભાવ અને પ્રાણ-શક્તિનો વિકૃત વળ ચઢવો તરીકે ઓળખાવીએ છીએ. એ અંશ શોક અને મુશ્કેલી સામે પોકારી ઊઠે છે અને ઈશ્વર, જીવન તથા અન્ય સર્વ વસ્તુઓ ઉપર આરોપ લગાવે છે કે બધાં એને અસહ્ય વેદના આપે છે. પરંતુ પ્રાણ-શક્તિમાં રહેલું કંઈક વિકૃત તત્ત્વ એની ઇચ્છા રાખતું હોય છે. એટલે જ મોટેભાગે શોક અને મુશ્કેલીઓ આવતી હોય છે તથા ટકી રહેતી હોય છે. પ્રાણ-શક્તિમાંના આ તત્ત્વથી છુટકારો થવો જ જોઈએ.

*

પ્રાણ-શક્તિ જ જીવનના નાટકમાં આનંદ માણે છે અને શોક તથા દુઃખમાં પણ આનંદ મેળવે છે. નિરાશાની ક્રિયા એ બળવો નથી પણ સ્વીકૃતિ છે. અલબત્ત, પ્રાણ-શક્તિમાં બળવાની લાગણીઓ પણ હોય છે, જેમાં એ સુખ અનુભવે છે. જે અંશને દુઃખ ગમતું નથી અને જે દુઃખમાંથી મુક્ત થવામાં ખુશી અનુભવે છે એ છે શારીરિક ચેતના. પણ પ્રાણ-શક્તિ શારીરિક ચેતના પર દબાણ કરતી રહે છે એટલે શરીર એનાથી મુક્ત થઈ શકતું નથી.

રાજસિક-તામસિક પ્રાણમય અહંકાર બળવા માટે તેમ જ નિરાશાનો સ્વીકાર કરવા માટે જવાબદાર હોય છે. રજસનું વર્ચસ્વ હોય ત્યારે બળવાની લાગણી પ્રકટે છે. તમસનું વર્ચસ્વ હોય ત્યારે નિરાશા ઉત્પન્ન થતી હોય છે.

*

આત્મા નહિ પણ પ્રાણ-શક્તિ અથવા તો પ્રાણ-શક્તિમાંનું કંઈક કણસવામાં, રૂદન કરવામાં અને ખરેખર હરેક પ્રકારના શોક અને દુઃખમાં આનંદ અનુભવતું હોય છે. સપાટી પરની પ્રકૃતિ કણસવું, રૂદન કરવું વગેરેમાં સુખ અનુભવતી નથી — અંતરમાંનું કંઈક આ

'હાસ્ય અને આંસુ'ની લીલામાં હર્ષ અને શોક, સુખ અને દુઃખ, ટૂંકમાં અજ્ઞાનની લીલામાં સુખ અનુભવે છે.

અમુક લોકોમાં આ વસ્તુઓ નિશ્ચિત પ્રમાણમાં સપાટી ઉપર આવતી હોય છે. ઘણા લોકો, તમે જો એમને જીવનમાંથી દુઃખને દૂર કરી દેવાની વાત કરો તો તમારા પ્રતિ શંકા અને તિરસ્કારના ભાવથી નજર કરશે અને જીવનમાં માત્ર હર્ષ, આનંદ અને શાન્તિની જ અનુભૂતિ થવી એ તો ભયંકર કંટાળાજનક બની રહે એવી લાગણી દર્શાવશે — અમુક લોકો તો એવું બોલ્યા પણ હશે જ. (CWSA 31 : 178)

શ્રી અરવિન્દ

*

જેઓ પૂર્ણ હૃદયથી પ્રભુને વફાદાર છે તેઓને જ પ્રભુ રક્ષણ આપી શકે છે. જેઓ ખરેખર સાધનાની ભાવનામાં જ સાચી રીતે જીવે છે અને ચેતના અને કાર્યને પ્રભુ ઉપર જ આધારિત રાખે છે અને પ્રભુની જ સેવામાં જોડાયેલાં હોય છે તેમને જ પ્રભુ ટેકો આપી શકે છે. કામના, પોતાની પસંદગીઓ અને સગવડો માટેનો આગ્રહ, દંભની બધી ગતિઓ, અને બિનસચ્ચાઈ અને જૂઠાણું, પ્રભુની આડે આવી જો તમે પ્રભુ ઉપર તમારી ઇચ્છા લાદવાનો પ્રયત્ન કરો તો તમે એક બૉમ્બને તમારા ઉપર પડવા માટે બોલાવો છો. હું એમ નથી કહેતી કે વસ્તુઓ આ રીતે જ બનશે; પરંતુ તે પ્રમાણે બનવાની શક્યતા છે. જો લોકો સચેતન અને ખૂબ જાગ્રત ન રહે તો અને આધ્યાત્મિક શોધ કરનાર સાધકના સાચા ભાવમાંથી કાર્ય ન કરે તો, તે પ્રમાણે બને. જો બાહ્ય જગતમાં રહેલું વાતાવરણ માનસશાસ્ત્રીય રીતે અહીં પણ રહે તો જે તમોમય બળો ત્યાં કાર્ય કરી રહ્યાં છે તેમાંથી રક્ષણ માટેની ચોક્કસ દીવાલ અહીં રહી શકશે નહિ અને વેદના અને વિનાશથી પ્રવેશની કસોટીમાંથી પસાર થવું પડશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૯૨)

*

...for what reason is the suffering here,
God's sanction to the paradox of life
And the riddle of the Immortal's birth in Time.

અહીં દુઃખ શા માટે છે ? જીવનના વિરોધાભાસોને ઈશ્વરે સંમતિ શા માટે આપી છે ? કાળમાં થતા અમર આત્માના જન્મનો કોયડો શું છે ?

CWSA 33 : 50 **શ્રી અરવિન્દ**

પૂર્ણ માનસિક સમતુલા

જીવનની મુશ્કેલીઓનો સામનો કરવા માટે અનિવાર્ય

શ્રી માતાજીએ આ પુષ્પને આપેલું આધ્યાત્મિક નામ અને એનું મહત્ત્વ

Botanical Name : Begonia

''મહત્તમ ધીરજ હોવી એ જરૂરી છે જેથી આ પરિસ્થિતિઓમાંથી અસ્વસ્થ કે અશાંત થયા વગર પસાર થઈ જઈ શકાય અને એવો વિશ્વાસ ધરાવવો પણ જરૂરી છે કે સર્વે મુશ્કેલીઓ દૂર થઈ જશે.''

CWSA 31 : 407 — શ્રી અરવિન્દ

પણ તમે જ્યારે અસ્થિરપણે જીવો છો

પરંતુ જ્યારે તમે પ્રવાહી રીતે જીવો, એટલે કે, તમને જાણ પણ ન હોય કે તમારી અંદર શું ચાલી રહ્યું છે, અમુક રીતની અસ્પષ્ટ છાપ જ હોય, જો તમે તમારી જાતને ઓછામાં ઓછી સોમાંથી નવ્વાણું વખત પૂછો, તમારી જાતને પૂછો, ''મેં તે પ્રમાણે કર્યું ?'' તો પછી પ્રત્યુત્તર એકનો એક આ પ્રમાણે જ આવશેઃ ''હું તે પ્રમાણે જાણતો નથી. તે એ પ્રમાણે આવ્યું, બસ એટલું જ.'' એટલે કે વ્યક્તિ બિલકુલ સભાન નથી.

જ્યારે તમે બીજાઓની સાથે હો ત્યારે તમે જાણી શકો છો કે, તમારામાંથી શું બહાર આવે છે અને બીજાઓમાંથી શું બહાર આવે છે ? કઈ રીતે તેઓનું અસ્તિત્વ હોય છે, તેમનાં ખાસ આંદોલનો કેટલી હદ સુધી તમારા ઉપર કાર્ય કરે છે. તમે આ બાબત બિલકુલ સભાન નથી. તમે એક 'આશરે અમુક પ્રકારની' એવી ચેતના, અર્ધ-જાગ્રત, અર્ધ-નિંદાયુક્ત, કાંઈક એવી અસ્પષ્ટતામાં હો છો. જેમાં તમારે આ રીતે વસ્તુઓને પકડવા માટે ફાંફાં મારવાં પડે છે. પરંતુ તમને એક સ્પષ્ટ, ચોખ્ખો અને પૂર્ણ ખ્યાલ હોય છે કે તમારામાં શું ચાલી રહ્યું છે, શા માટે તમારી અંદર તે ચાલે છે ? અને પછી આ પણ : ક્યાં આંદોલનો બહારથી આવે છે અને ક્યાં તમારી પોતાની અંદરથી ? અને પછીથી, ફરીને, બીજાઓ તરફથી શું આવે છે, અને બધું બદલાઈને એક નવીન સર્જન થાય છે ! તમે એક પ્રકારની અસ્પષ્ટ પ્રવાહી પરિસ્થિતિમાં રહો છો, કેટલીક વસ્તુઓ ઓચિંતાની તમારી ચેતનામાં સાકાર પામે છે, તમે એમને એક ક્ષણ પકડેલી; અને તે વખતે તે પ્રમાણે સ્પષ્ટ હતી, જાણે કે તે વખતે એક પ્રોજેક્ટર હતું, અને કોઈક વસ્તુ પડદા ઉપર ચાલતી હતી. અને એક સેકંડ માટે સ્પષ્ટ દેખાતી હતી; અને બીજી જ મિનિટે તે બધું જ ઝાંખું અને અસ્પષ્ટ બની જાય છે, પરંતુ તમે તેના વિશે જ સભાન હોતા નથી, કારણ કે તમારી જાતને તમે પ્રશ્ન પૂછ્યો નથી. કારણ કે તમે આ રીતે જીવન જીવો છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૩૨૫)

*

Happy are they who in this chaos of things,...
...who have planted in the heart's rich soil
One small grain of spiritual certitude.
Happiest who stand on faith as on a rock.

વસ્તુઓની આ અરાજકતામાં....
.... જે લોકોએ પોતાના હૃદયરૂપી ફળદ્રુપ ભૂમિમાં
આધ્યાત્મિક નિશ્ચિતતાનું બી વાવ્યું છે એ લોકો સુખી છે.
અને સૌથી વધુ સુખી લોકો એ છે જે શ્રદ્ધારૂપી ખડક પર ઊભો છે.

CWSA 33 : 499 — **શ્રી અરવિન્દ**

‘અહંકાર છે વિઘ્ન’

જીવનમાં બધી કડવાશ અહંકાર પોતાનો હક છોડવાનો ઇનકાર કરે છે એમાંથી ઉત્પન્ન થતી હોય છે.

*

જે જે સર્વ કંઈ ઘટતું હોય છે તે એક અને એ જ પાઠ આપણને શિખવાડવા માટે કે જ્યાં સુધી આપણે આપણા અહંકારથી મુક્ત ન થઈ જઈએ ત્યાં સુધી આપણે માટે કે અન્ય લોકો માટે શાન્તિ સ્થાપિત થઈ શકે નહિ. અને અહંકાર વિના જીવન એવું તો અદ્‌ભુત આશ્ચર્ય બની રહે !....

*

અહંકારની લીલા વગર સંઘર્ષો સંભવી શકે નહિ; અને પ્રાણ-શક્તિમાં નાટક કરવાનું વલણ ન હોય તો જીવનમાં નાટ્યાત્મક બનાવો બને નહિ.

*

તમારી મુશ્કેલીઓની માત્રા તમને તમારા અહંકારનું પ્રમાણ કેટલું છે તે જણાવે છે.

*

પ્રશ્ન : દિવ્ય માતાજી, મારો રાક્ષસી અહંકાર મારા માર્ગ આડે સીધો સીધો બેઠેલો છે. મારે કઈ રીતે એની સાથે લડવું ?

ઉત્તર : એની અવગણના કરો અને આગળ ચાલ્યા જાઓ. (CWM 14 : 257-258)

*

એક નાનકડી બાબતમાં પણ તમારો અહંકાર નાખુશ થઈ તમારા સ્વરૂપનું બારણું ખોલી આપે છે અને તેથી એક દુષ્ટ ઘમંડી અને ઉગ્ર અશ્રદ્ધાવાળા સત્ત્વ પ્રત્યે એ ખુલ્લું થઈ જાય છે. તેને લઈને તમારી અંદર જે કાંઈ પવિત્ર અને સુંદર વસ્તુઓ રહેલી છે તેના ઉપર, ખાસ કરીને તમારા આત્માની અભીપ્સા અને પ્રભુ કૃપા દ્વારા મળતી મદદ ઉપર તે કાદવ અને ગંદકી છાંટવામાં તેનો સમય પસાર કરે છે.

જો આ વસ્તુ ચાલુ રહેવા દેવામાં આવશે તો તેનો અંત ચોક્કસ ઉત્પાત અને વિનાશમાં આવશે. આ વસ્તુને બંધ કરવા માટે મજબૂત પગલાં લેવા પડશે અને તેના માટે તમારા આત્માનો સહકાર ખાસ જરૂરી છે. તેણે જાગ્રત થઈને તમારા અહંકારની વિરુદ્ધના યુદ્ધમાં સાથ આપવો પડશે જેથી કરીને આ દુષ્ટ સત્ત્વ પ્રત્યે તમારું બારણું નિશ્ચિત રીતે બંધ થાય.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : પૃ. ૨૦)

*

જે માણસ પોતાના અહંમાં જીવે છે; અહંને માટે જીવે છે, અહંની તુષ્ટિને અર્થે જીવે છે તે મૂર્ખ છે. જ્યાં લગી અહંથી પર થવાય નહિ, જ્યાં અહંનું સ્થાન નથી એવી ચેતનાની ભૂમિકામાં પહોંચાય નહીં, ત્યાં લગી લક્ષ્યને પ્રાપ્ત કરવાની આશા નિરર્થક છે.

વ્યક્તિની ચેતનાના સ્વરૂપના ઘડતરમાં એક વખતે અહં અનિવાર્ય ગણાતું હતું; પરંતુ અહંની સાથે બધી મુશ્કેલીઓ, દુઃખો, વિઘ્નો જન્મ્યાં. અત્યારે આપણને જે પ્રતિકૂળ અને દિવ્ય-વિરોધી શક્તિઓ જણાય છે તે ઉદ્ભવ્યાં. પરંતુ આ બધી શક્તિઓ પોતે આંતરિક શુદ્ધિકરણ અને અહંમાંથી મુક્તિને માટે આવશ્યક હતી. તે સૌના કાર્યનું પરિણામ અને તેમના વિસ્તારનું કારણ અહં છે. જ્યારે અહં ચાલ્યો જાય ત્યારે તેની વિરોધી શક્તિઓ અદૃશ્ય થઈ જાય. કારણ કે, પછી તેમને આ જગતમાં અસ્તિત્વનું કોઈ કારણ રહેતું હોતું નથી.

આંતરિક મુક્તિ, સમગ્રભાવી સચ્ચાઈ અને પૂર્ણ પવિત્રતાની સાથે સાથે બધાં દુઃખો ચાલ્યાં જાય છે; કારણ કે, ચેતનાને પોતાના અંતિમ લક્ષ્ય ભણીની પ્રગતિને માટે તે દુઃખો આવશ્યક રહેતાં નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૩૪-૩૫)

*

આપણામાં જ્યારે જ્ઞાનોદય થાય છે ત્યારે ખબર પડે છે કે અહમ્ એ તો માત્ર એક નિમિત્ત છે; ત્યારે સમજાય છે કે જે બાબતોને આપણે આપણી ગણીએ છીએ એ ખરેખર આપણી એટલા માટે છે કે આપણી પરમ અને પૂર્ણ જાત, કે જે પરાત્પર સાથે એકરૂપ છે, તે જાતનો તેઓ એક ભાગ છે, - અને નહિ કે આપણા અંગત અહમ્‌નો. આપણો ફાળો એટલો કે આપણે તેને મર્યાદિત અને વિકૃત કરી નાખીએ છીએ ! અને એમાં જે સાચું કાર્ય થાય છે તે હોય છે પ્રભુનું. જ્યારે માણસના અહમ્‌ની આંખો ઊઘડે અને તેને દેખાય કે તેની સંકલ્પશક્તિ એ તો માત્ર એક પ્યાદું છે, તેનું ડહાપણ એ અજ્ઞાન અને બાલિશતા છે, તેની શક્તિ એ બાળકનાં ફાંફાં છે, તેના સદ્‌ગુણ એ દંભભરી અશુદ્ધિ છે, અને જ્યારે પોતાનાથી ઉપર જે છે તેને તે પોતાની જાત સોંપતાં શીખે છે ત્યારે જ તેનો ઉદ્ધાર થાય છે.

શ્રી અરવિન્દ

(યોગમાર્ગોનો સમન્વય ગ્રંથ ૧ : પૃ. ૬૮)

*

હું કશું જ જાણતો નથી

જો તમે કોઈ એવા સાચા વૈજ્ઞાનિકને મળો કે જેણે ખૂબ કામ કર્યું હોય તો તે તમને કહેશે કેઃ 'અમે કાંઈ જાણતા નથી. અને અમે જે આજે જાણીએ છીએ તે અમે આવતી કાલે જાણીશું તેના આગળ કંઈ હિસાબમાં ગણાય તેવું નથી. આ વર્ષે જેની શોધ કરવામાં આવી છે તેને ટપી જાય તેવી શોધ આવતા વર્ષે કરવામાં આવશે.' જે સાચા અર્થમાં મહા પંડિત હોય છે તે જાણતા હોય છે કે પોતે જે જાણે છે તેના કરતાં અનેકગણા વધુ પ્રમાણમાં જાણવાનું બાકી રહી જાય છે. અને આ વસ્તુ માનવજાતિની સર્વે પ્રવૃત્તિઓને લાગુ પડે છે. હું એવા કોઈ સાચા પંડિતને મળી નથી જેનામાં મિથ્યાભિમાન હોય. મને એવી કોઈ ગણનાપાત્ર વ્યક્તિ મળી નથી જેણે એમ કહ્યું હોય કે 'હું સર્વ કાંઈ જાણું છું.'

જે કોઈ લોકોને હું મળી છું તે બધાએ મારા આગળ સ્પષ્ટ કરેલું કે 'આખરે, હું કાંઈ જાણતો નથી.' પોતે જે કાંઈ કર્યુ હોય, પોતે જે કાંઈ પરિણામો પ્રાપ્ત કર્યાં હોય, તે સર્વ વિશે કહ્યા પછી તેઓ ધીરેથી કહે છે 'એકંદરે જોતાં હું કાંઈ જાણતો નથી.'

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૧૧૭)

*

પ્રકૃતિ પાસે તમારા કરતાં વધુ કલ્પનાશક્તિ છે. એ હંમેશાં નવીને નવી વસ્તુઓની કલ્પના કરતી રહે છે. એમ જ હોવું જોઈએ, એ હર ક્ષણે પરિવર્તનશીલ છે અને એનાં સંયોજનો હંમેશાં નવાં હોય છે. વિશ્વની કોઈ બે સેકન્ડો એકસરખી નથી. ખરે જ, પ્રકૃતિ પાસે ઘણી ભારે કલ્પનાશક્તિ છે. તમને એનો કદી વિચાર નહિ આવેલો?.... તમારી પોતાની એવી કોઈ બે મિનિટો હોય છે જે સર્વ અંશે એકબીજા સાથે મળતી હોય ? ના. તમે સારી પેઠે જાણો છો કે આજે તમે જેવા છો તેવા તમે ગઈ કાલે ન હતા અને આજે જેવા છો તેવા તમે આવતી કાલે નહિ હો. અને તમે કેવળ આમ પાછા જ ચાલ્યા જાઓ તો.... માનો કે દસ વર્ષ પાછા જાઓ, તો તમે તમારી જાતને બિલકુલ ઓળખી પણ નહિ શકો ! તે વખતે તમે કેવા વિચાર કરતા હતા તેની પણ તમને ખબર નથી — આપણે એમ માની લઈએ કે તે વખતે તમે કશાનો વિચાર કરતા હશો !

એટલે આમાં કોઈ પ્રશ્ન નથી રહેતો. આમાં તો તમે કેવળ એટલું કરી શકો કે અનુભવો મેળવવા માટેનું જે અત્યંત મર્યાદિત ક્ષેત્ર તમારી સમક્ષ છે તેનું સંશોધન કરવા પ્રયાસ કરવો અને સર્વ પ્રકારની શક્યતાઓને નિહાળવી ! અને અનુભવો માટેનું તમારું આ ક્ષેત્ર આટલું બધું મર્યાદિત હોવા છતાં તમે એ બધી શક્યતાઓને નિહાળવાની શરૂઆત કરી શકશો, અને તમે તરત જ જોશો કે એમાં પણ શક્યતાઓનો એક અતિકાય વિસ્તાર રહેલો છે.

અને તમે એટલે કોણ ?.... શાશ્વતીની એક ક્ષણ માત્ર !

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૩૩૯-૪૦)

*

પરંતુ માતાજી, જ્યારે વ્યક્તિ એમ વિચારવા પ્રયત્ન કરે કે પોતે શક્તિવિહીન છે, ત્યારે પણ કોઈક વસ્તુ એવી હોય જે એમ માને કે તે પોતે શક્તિશાળી છે, તો પછી ?

આહ, હા, આહ, હા ! આહ, સચ્ચાઈવાળા બનવું ઘણું મુશ્કેલ છે.... એટલા માટે જ ફટકાઓની સંખ્યા વધે છે અને કેટલીક વખત ભયંકર બને છે, કારણ કે તે જ ફક્ત એવી વસ્તુ છે જે તમારી મૂર્ખાઈને તોડી પાડે છે, અણધારી મુશ્કેલીઓ આવવાનું આ જ ન્યાયી કારણ છે. ફક્ત જ્યારે તમે ખૂબ દુઃખદાયક પરિસ્થિતિમાં મુકાઓ છો અને ખરેખર તમને કોઈક વસ્તુ ખૂબ ઊંડાઈપૂર્વક અસર કરે છે ત્યાર પછી જ તે વસ્તુ તમારી મૂર્ખતાને થોડીક પીગાળે છે, પરંતુ તમે જેમ કહો છો તેમ કોઈક વસ્તુ એવી હોય છે તે પીગળે છે છતાં એક નાનું કાંઈક એવું હોય છે જે તમારી અંદર રહેલું છે અને એટલા માટે જ તે વસ્તુ ઘણા લાંબા સમય સુધી ચાલ્યા કરે છે....

જીવનમાં કેટલા બધા ફટકાઓની જરૂર છે જેથી વ્યક્તિ ઊંડાણપૂર્વક જાણી શકે કે તે કાંઈ પણ નથી, કે પોતે કાંઈ પણ કરી શકે તેમ નથી કે તે કાંઈ હસ્તી ધરાવતી નથી, કે પોતે કાંઈ પણ નથી, કે એવું કોઈ પણ તત્ત્વ નથી જે પ્રભુની ચેતના અને પ્રભુકૃપા વગર હસ્તી ધરાવે. જે ક્ષણથી વ્યક્તિ તે જાણે છે, તે ક્ષણે તે પૂરું થઈ જાય છે; બધી જ મુશ્કેલીઓ ચાલી ગયેલી હોય છે. જ્યારે માણસ સમગ્ર રીતે તે જાણે છે અને તેનામાં એવી કોઈ પણ વસ્તુ નથી જે તેનો વિરોધ કરે.... પરંતુ તે ક્ષણ પૂરતું તો... અને તે ઘણો લાંબો સમય લે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૩૧૩-૧૪)

*

સંપૂર્ણ ચેતના અને ચેતનાની સંપૂર્ણ શક્તિ પરત્વે સભાન એવું આંતર જીવન જે લોકો પાસે છે, તે સર્વને એનું અનિવાર્ય ફળ મળશે : આત્મજ્ઞાન, પૂર્ણ અસ્તિત્વ, સંતુષ્ટ સ્વરૂપનું સુખ, ચરિતાર્થ થયેલી પ્રકૃતિની સુખાવસ્થા.

(CWSA 22 : 1072) **શ્રી અરવિન્દ**

વિજયશાળી સૌન્દર્ય

એ જ્યારે જીવનની કુરૂપતાને દૂર કરી દે ત્યારે.

*

આ પુષ્પને શ્રી માતાજીએ આપેલું આધ્યાત્મિક નામ

*

Botanical Name :
Hibiscus rosa-sinensis 'Grace Goo'

"O Force-compelled, Fate-driven earth-born race,
O petty adventurers in an infinite world
And prisoners of a dwarf humanity,
How long will you tread the circling tracks of mind
Around your little self and petty things?
But not for a changeless littleness were you meant,
Not for vain repetition were you built;"...

''પૃથ્વી પર જન્મેલા, શક્તિના દાબને વશ વર્તન કરનારાઓ, દૈવ વડે હંકારાતા હે ક્ષુદ્ર સાહસિકો, તમારી ક્ષુદ્ર જાત તથા તુચ્છ વસ્તુઓ આસપાસ મનનાં ચક્કરોમાં ક્યાં સુધી ચાલતા રહેશો ? પરિવર્તન ન પામતી ક્ષુદ્રતામાં જ તમારે રાચતા રહેવું એ તમારા જીવનનો ઉદ્દેશ ન હતો. તમારું ઘડતર વ્યર્થ પુનરાવર્તન કરતા રહેવા માટે કરવામાં આવ્યું ન હતું.''

CWSA 33 : 370 **શ્રી અરવિન્દ**

નિશ્ચિતતા પરત્વેનો માર્ગ

તમે મને કહી શકો કે આવતીકાલે શું થવાનું છે ? હું નથી માનતી કે તમે કહી શકો. અલબત્ત તમે એમ કહી શકો કે 'આવતી કાલે આપણે સૂઈ જઈશું, ખોરાક લઈશું.... વગેરે વગેરે.... સામાન્ય વાતો. પરંતુ કોઈ અપેક્ષિત વસ્તુ બનવાની છે એ તમે કહી શકતા નથી. કારણ ? કોઈએ, જણાવ્યું છે કે 'એને માટે વિશિષ્ટ નેત્રની જરૂર પડે છે.' કલ્પનો (ભાવચિત્રો) પ્રાપ્ત કર્યા સિવાય પૂર્વ દર્શન કરી શકાય છે : ભાવચિત્રો વગરનું મનોમય જ્ઞાન છે.

(CWM 15 : 285)

*

આ પ્રશ્નનો ઉકેલ પણ યોગમાંથી આપણને મળે છે. યોગની સાધના દ્વારા આપણે અગાઉથી ભાવિ જોઈ શકીએ છીએ, એટલું જ નહિ, તેમાં ફેરફાર પણ કરી શકીએ છીએ, કહો કે તેને લગભગ આખું ને આખું પલટી પણ શકીએ છીએ. યોગ પ્રથમ તો આપણને એ શીખવે છે કે આપણે કોઈ એક જ સ્વરૂપવાળી, એક જ સાદા તત્ત્વ રૂપી એવી વ્યક્તિ નથી કે જેને માટે એક જ પ્રકારનું સાદું અને તર્કબદ્ધ ભાવિ જ નિર્માયું હોય. આપણે એ સ્વીકારવું પડશે કે ઘણાં મનુષ્યોનું ભાવિ એ એક ઘણો સંકુલ વિષય છે. આ સંકુલતા કેટલીક વાર તો વધીને વિસંગતતા સુધી પહોંચી જાય છે. આ સંકુલતાને લીધે જ આપણને એમ ભાસ થાય છે કે માણસના ભાવિની તો ઘણી અણધારી વસ્તુઓ બને છે, એટલે કે એ ભાવિમાં પૂર્વનિર્માણનો અભાવ હોય છે, અને તેથી તે વિશે અગાઉથી કંઈ પણ કરી શકાય તેવું નથી.

આ પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે આપણે પ્રથમ તો જાણવું જોઈએ કે....

જીવનની કળા તો તે ગણાય કે જેમાં આપણે આપણી ઉચ્ચોચ્ચ ચેતનામાં જ સતત સ્થિત રહેતાં હોઈએ અને એ રીતે આપણા ઉચ્ચમાં ઉચ્ચ ભાવિને આપણા જીવનનાં તથા કર્મનાં અન્ય ભાવિઓ ઉપર પોતાનો પ્રભાવ પાથરવા દઈએ. તો પછી આપણે સત્યને હાનિ કર્યા સિવાય આટલું તો અવશ્ય કહી શકીએ : હંમેશાં તમારી ચેતનાના શિખર ઉપર જ સ્થિર રહો, અને તમારે માટે જે કંઈ વધુમાં વધુ ઇષ્ટ હશે તે જ તમને આવી મળશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ : પૃ. ૯૭-૯૮)

*

લોકો જ્યારે સાચે જ પોતાની ચેતનાનું પરિવર્તન ઇચ્છે ત્યારે જ માત્ર એમનાં કાર્યોમાં પરિવર્તન થઈ શકે.... જ્યારે આપણી ચેતનાનું પરિવર્તન થશે ત્યારે જ આપણે જાણી શકીશું કે પરિવર્તન શું છે. પરિવર્તન કરો : (૧) અણગમાનું સંવાદિતમાં (૨) ઈર્ષ્યાનું ઉદારતામાં (૩) અજ્ઞાનનું જ્ઞાનમાં (૪) અંધકારનું પ્રકાશમાં (૫) અસત્યનું સત્યમાં (૬) દુરાચારનું સદાચારમાં (૭) યુદ્ધનું શાંતિમાં (૮) ડરનું નીડરતામાં (૯) અનિશ્ચિતતાનું નિશ્ચિતતામાં (૧૦) શંકાનું શ્રદ્ધામાં (૧૧) અવ્યવસ્થાનું સુવ્યવસ્થામાં (૧૨) પરાજયનું વિજયમાં. **(CWM 15 : 223)**

વૃત્ત વિશેષ

તા. ૨૪, ૨૫, ૨૬ જૂન ૨૦૧૭ દરમિયાન શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરા અને શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના સંયુક્ત ઉપક્રમે અભ્યાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ પ્રવચનના પ્રારંભે દીપ પ્રાકટ્યથી શ્રી અરવિન્દના પ્રકાશનું આવાહન કરવામાં આવ્યું. આપણા સૌના વડીલ શ્રી હંસકુમાર માંકડ સાહેબના આશીર્વચનોથી શિબિરની શુભ શરૂઆત થઈ.

આ શિબિરમાં અધ્યાપન કાર્ય શ્રી શરદભાઈ જોશીએ સંભાળ્યું હતું.

શિબિર દરમિયાન શ્રી શરદભાઈએ શ્રી અરવિન્દના તમામ મુખ્ય ગ્રંથોનું પૂર્ણયોગના પરિપ્રેક્ષ્યમાં વિહંગાવલોકન કરાવ્યું અને અભ્યાસુ શ્રોતાઓના હૃદયમાં તેના વાચનની તૃષા જાગ્રત કરી. તેઓએ વક્તવ્યો દરમિયાન વેદ, ઉપનિષદ અને પુરાણોમાંથી ઉદાહરણો અને સંદર્ભો પણ ટાંકી બતાવ્યા હતા.

શ્રી અરવિન્દ સાહિત્યમાંના ગ્રંથો : The Ideal of Human Unity, Human Cycle અને The Foundations of Indian Cultureની ચર્ચા વખતે શ્રી અરવિન્દની બુદ્ધિમત્તા અને અતિસૂક્ષ્મ દૃષ્ટિ વિશે તેમણે વિશદ રજૂઆત કરી હતી.

યોગસમન્વય, ગીતા નિબંધો, શ્રીમા, દિવ્યજીવન અને સાવિત્રીમાં રહેલાં ગૂઢદર્શનોનો કાંઈક સ્પર્શ મન, પ્રાણ, હૃદયને થાય એ રીતે શ્રોતાઓ સમક્ષ અસરકારક રજૂઆત શ્રી શરદભાઈએ કરી હતી. પ્રવચન શ્રેણીની પૂર્ણાહુતી પ્રસંગે ખંડમાં પ્રશાંત વાતાવરણ પ્રવર્તી રહ્યું હતું. પ્રશાંત વાતાવરણમાં શ્રોતાઓની શ્રી શરદભાઈ પ્રત્યેની આભારની લાગણી સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થઈ હતી.

અંતે શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી પ્રમોદભાઈ શાહે શ્રી શરદભાઈને સૌરભગુચ્છ અર્પણ કરીને સૌ વતી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી. સમાપન ધ્યાન સમયે શિબિરની સમાપ્તિ નહિ પરંતુ પુનરાવર્તનની અભીપ્સા શ્રી માતાજીના ચરણે કૃતજ્ઞતાપૂર્વક નિવેદિત કરવામાં આવી.

આ શિબિરમાં બહારગામથી ૩૦ (ત્રીસ) ઉપરાંત અભીપ્સુઓએ અને લગભગ પચાસ જેટલા સ્થાનિક અભીપ્સુઓએ ભાગ લીધો હતો.

*

શ્રી અરવિન્દ સોસાયટી વડોદરા અને સમન્વય ટ્રસ્ટ, વડોદરા દ્વારા તા. ૨-૭-૧૭ને રવિવારે સવારે ૧૦.૩૦ વાગે ડૉ. ભાસ્કર વ્યાસ અને ડૉ. રજની વ્યાસ દ્વારા લિખિત પુસ્તક "Contemporising Rajyoga" (રાજયોગ-આધુનિક મનોવૈજ્ઞાનિક સંદર્ભમાં)ના લોકાર્પણનો કાર્યક્રમ શ્રી અરવિન્દ નિવાસ ઉપર રાખવામાં આવ્યો હતો.

આ પુસ્તકનો પરિચય આપતાં પ્રોફે. શ્રી નીતિન વ્યાસે એક વિશિષ્ટ દૃષ્ટિકોણથી અને મનોવૈજ્ઞાનિક સંદર્ભમાં રાજયોગનો પરિચય કરાવવા બદલ લેખકોને બિરદાવ્યા હતા.

શ્રી શરદભાઈ જોષીએ પુસ્તકને આવકારતાં જણાવ્યું હતું કે રાજયોગમાં Mind (મન) અને Brain (મસ્તિષ્ક) વચ્ચે થતા વ્યવહાર અને તેનાં પરિણામોનાં વિશ્લેષણ એ આ પુસ્તકનો મુખ્ય વિષય છે, જે રસિક છે. સાથે સાથે તેમણે વિનંતીપૂર્વક એમ પણ જણાવ્યું કે આવા વિષયના આલેખનમાં OverMind. SuperMind જેવા પારિભાષિક શબ્દો તેના યથાર્થ પરિપ્રેક્ષ્યમાં પ્રયોજાય તો જ લખાણનું અર્થઘટન અસંદિગ્ધ અને સ્પષ્ટ બની રહે.

અન્ય વક્તાઓમાં શ્રી વસંતભાઈ પટેલે ડૉ. સુધીર શાહ જેઓ પાસે પરા મનોવૈજ્ઞાનિક શક્તિઓ હતી તેમનો અને આ પુસ્તકના લેખક ડૉ. ભાસ્કર વ્યાસનો પરિચય કરાવવામાં પોતે કેવી રીતે નિમિત્તરૂપ બન્યા તેની અને તેમણે આ પુસ્તક અંગે આપેલ પ્રતિભાવ વિ. ની વાત કરી.

આ સમારંભમાં સમાજના અગ્રહરોળના લગભગ એંશી ઉપરાંત શ્રોતાઓએ હાજરી આપી હતી.

(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)

*

સાભાર સ્વીકાર : ગુરુવિભાવના : કાર્તિકેય ભટ્ટ : ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. ૧-૨ અપર લેવલ, સૅન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન - ૨૬૫૬૦૫૦૪ પૃ. ૧૮૪. સારા કાગળ ઉપર સુંદર છાપકામ. સુઘડ બાંધણી : મૂલ્ય રૂા. ૨૦૦=૦૦. સુંદર રંગબેરંગી મુખપૃષ્ઠ : પુસ્તકમાં શ્રીમા આનંદમયી, પૂ. શ્રી મોટા, શ્રી રમણ મહર્ષિ, શ્રી વિશુદ્ધાનંદજી, આદિગુરુ, દક્ષિણામૂર્તિ, આદિ શંકરાચાર્ય, શ્રી અરવિન્દ, સ્વામી રામદાસ તથા સ્વામી રામ વિશેનાં પ્રકરણો સમાવવામાં આવ્યાં છે. અતિ ઉપયોગી રસથાળ શ્રી કાર્તિકેયભાઈએ એમનાં પત્ની સ્વ. મીનાક્ષીને કૃતજ્ઞભાવે સમર્પિત કર્યો છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

*

આ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ઘણા લોકો (આધ્યાત્મિક જીવન જેમણે સ્વીકાર્યું છે અને જેઓ યોગ કરે છે તેવા લોકો) પણ અંગત કારણો માટે, અનેક પ્રકારના હેતુઓ માટે આ કાર્ય કરે છે. કેટલાક લોકો જીવનથી કંટાળી ગયા હોય છે, કેટલાક દુઃખી હોય છે, કેટલાક લોકો વધારે જાણવા માગે છે, કેટલાક લોકો આધ્યાત્મિક રીતે મહાન બનવા માગે છે, કેટલાક લોકો વસ્તુઓ શીખવા માગે છે કે જેથી તેઓ બીજાઓને શીખવાડી શકે, આવાં હજારો અંગત કારણસર તેઓ યોગ કરે છે. બહુ જ થોડા લોકો ભગવાન તેમને સ્વીકારે અને પોતાના સંકલ્પને અનુરૂપ તેમને બનાવે તેટલા માટે ભગવાનને પોતાને સમર્પિત કરતા હોય છે અને તે પણ પરિપૂર્ણ વિશુદ્ધિમાં અને સ્થિરતાપૂર્વક. અને છતાં પણ સત્ય તો એમ કરવું તે જ છે. તેમ કરનાર લોકો સીધા લક્ષ્યની પ્રાપ્તિ કરે છે, ભૂલો કરવાનું જોખમ ખેડતા નથી. પણ બીજા સર્વ હેતુઓ હંમેશાં અહંતાથી સંમિશ્રિત બનીને કલંકિત બનેલા હોય છે; તેઓ તેમને સ્વાભાવિક રીતે જ આમતેમ રખડાવે, લક્ષ્યની પણ બહુ દૂર ધક્કેલી દે.

અસ્તિત્વ માટે તે એક જ કારણ, લક્ષ્ય હોવું, એક જ હેતુ હોવો, ભગવાનને એટલું પરિપૂર્ણ સર્મર્પણ કરી દેવું કે તમે તમારી જાતને તેમનાથી ભિન્ન જોઈ શકો જ નહિ, કોઈપણ અંગત પ્રતિકાર્યોને વચ્ચે આવવા દીધા સિવાય તમે સંપૂર્ણપણે ભગવાનરૂપ જ બની જાઓ, આ આદર્શ વલણ છે. તે વલણ જ માત્ર તમને જીવનમાં અને કાર્યમાં આગળ લઈ જાય છે, દરેક વસ્તુથી સુરક્ષિત રાખે છે, તમારી જાતથી પણ, કારણ કે માણસની જાત પોતે બધાં જોખમોમાં સૌથી વધારે મહાન છે, તેના કરતાં વધારે મોટું કોઈ બીજું જોખમ નથી. (અહીં 'જાત' નો અર્થ છે અહંતાયુક્ત જાત)

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૧૯૫ - ૯૬)

(વર્ષ ૦૩ : અંક ૯)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.